RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

**સુવિચાર**

ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ...



શહેરમાં ચોરાઉ રીક્ષા સાથે સોરઠીયા પ્લોટ અને ધાંચીવાડના બે શખ્સ ઝડપાયા P-4

Year-16, Issue-118 ■ DATE : 27-08-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વૈષ્ણોદેવી મંદિર માર્ગ પર ભૂસ્ખલનથી ૩૧ લોકોના મોત



## જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને પુરથી તબાહી મચીઃ ભોગ બનનાર મોટાભાગના યાત્રાળુઓ હોવાનો સંકેતઃ ૨૩થી વધુ ઘાયલ

**મુખ્ય સમાચાર, જમ્મુ-કાશ્મીર**

જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનથી ભારે તબાહી મચી ગઈ છે. કટરા સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિર માર્ગ પર ભૂસ્ખલનને કારણે ૩૧ શ્રદ્ધાળુઓના મોત થયા હતા, ત્યારબાદ યાત્રા આગામી આદેશ સુધી મુલતવી રાખવામાં આવી હતી. ઉત્તર રેલ્વેએ જમ્મુ અને કટરાથી આવતી ૨૨ ટ્રેનો રદ કરી હતી અને ૨૭ ટ્રેનોને અધવચ્ચે જ રોકી દીધી હતી. બધા શ્રદ્ધાળુઓને તેમની યાત્રા રદ કરવાનું કહેવામાં આવ્યું છે.

જમ્મુ અને કાશ્મીરમાં સતત મુશળધાર વરસાદે તબાહી મચાવી છે. મંગળવારે બપોરે રિયાસી જિલ્લામાં માતા વૈષ્ણો દેવી મંદિરના ભવન રોડ પર અર્ધકુંવારી નજીક ભૂસ્ખલન થયું હતું, જેમાં ૩૦ શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા હતા. એસએસપી રિયાસી પરમવીર સિંહે જણાવ્યું હતુ કે,ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં ૩૧ લોકોના મોત થયા છે.'

શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઇન બોર્ડે તાત્કાલિક યાત્રા બંધ કરી દીધી અને ટ્વિટ કર્યું, ખરાબ હવામાન અને વરસાદને કારણે, ભક્તોને યાત્રા મુલતવી રાખવા અને હવામાન સુધરવાની રાહ જોવા વિનંતી છે. એનડીઆરએફ સેના અને સ્થાનિક વહીવટીતંત્ર દિવસ-રાત બચાવ કામગીરીમાં રોકાયેલા છે. ઘાયલોને કટરા અને જમ્મુની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ઉત્તર રેલવેએ પીટીઆઇને ટાંકીને જણાવ્યું હતું કે બુધવારે જમ્મુ અને કટરા સ્ટેશનોથી ચાલતી અથવા બંધ થતી ૨૨ ટ્રેનો રદ કરવામાં આવી હતી, જ્યારે ૨૭ ટ્રેનોને અધવચ્ચે જ રોકી દેવામાં આવી હતી. આને કારણે હજારો મુસાફરો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

કિશ્તવાડના માર્ગી ગામમાં અચાનક આવેલા પૂરમાં ૧૦ ઘરો, ૩૦૦ કનાલથી વધુ પાક, પશુધન અને એક પુલ વહી ગયો. ઘણા ઘરોમાં પાણી ઘૂસી ગયું, જેના કારણે સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાયા છે. હવામાન વિભાગના તાજેતરના અપડેટ (સવારે ૧ વાગ્યા) મુજબ, દક્ષિણ કાશ્મીરમાં સવારે ૬ વાગ્યા સુધી હળવો થી મધ્યમ વરસાદ પડી શકે છે, જ્યારે જમ્મુ, રિયાસી, ઉધમપુર, ડોડા, કિશ્તવાડ અને રામબનમાં હળવો થી ભારે વરસાદ પડી શકે છે.

જેલમ નદીનું પાણી સંગમમાં ૨૦.૧ ફૂટ અને રામ મુનશી બાગમાં ૧૦.૫૯ ફૂટ નોંધાયું હતું, જે પૂર ઘોષણા ચિ (૨૧ અને ૧૮ ફૂટ) થી નીચે છે. હાલમાં પૂરનો કોઈ ભય નથી, પરંતુ નીચાણવાળા અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. સંદેશાવ્યવહાર સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે. મોબાઇલ પર કેટલાક ડેટા કામ કરી રહ્યા છે, પરંતુ વાઇફાઇ અને એપ્લિકેશનો લગભગ બંધ છે.

જમ્મુ ક્ષેત્રમાં તમામ નદી ગાંડીતુર થતા પૂર સ્થિતિથી સમગ્ર માળખાકીય સુવિધા અસ્તવ્યસ્ત નારાજ થઈ છે. મોટા પથ્થરો ઝાડ પડતા અને મકાનો-માર્ગો તણાયા હતા તેમાં ચાર લોકોનાં મોત થયા હતા. કાશ્મીરનાં મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાએ કહ્યુ કે સંચાર વ્યવસ્થા ખોરવાયેલી છે જે ફરી શરૂ કરવા પ્રયાસો છે અનેક સ્થળોએ ઓપ્ટીકલ ફાઈબરને નુકશાન થતા ફોન-નેટ સેવા ઠપ્પ થઈ ગઈ હતી.

# મુંબઈના વસઈમાં ચાર માળની ઈમારતનો એક ભાગ ધરાશાયી થતા બેના મોત



**મુખ્ય સમાચાર, મુંબઇ**

મુંબઈના વસઈ વિસ્તારમાં નારંગી રોડ પર સ્થિત રમાબાઈ એપાર્ટમેન્ટનો એક ભાગ ધરાશાયી થયો. મોડી રાત્રે ચાર માળની ઈમારતનો પાછળનો ભાગ ધરાશાયી થયો. વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર બ્રિગેડ અને એનડીઆરએફની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી.

નારંગી રોડ પર ચામુંડા નગર અને વિજય નગર વચ્ચે સ્થિત રમાબાઈ એપાર્ટમેન્ટની ચાર માળની ઈમારતનો પાછળનો ભાગ ગઈકાલે મોડી રાત્રે ધરાશાયી થયો.અત્યાર સુધીમાં ૧૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ વિસ્તાર મુંબઈ ઉપનગરનો ભાગ છે પરંતુ પાલઘર જિલ્લામાં આવે છે. પાલઘર પોલીસે જણાવ્યું હતું કે, વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર બ્રિગેડ અને બે એનડીઆરએફ ટીમોની મદદથી બચાવ કામગીરી ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૧૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને વિરાર અને નાલા સોપારાની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ ઘટના ત્યારે બની જ્યારે ચોથા માળે એક વર્ષની બાળકીના જન્મદિવસની ઉજવણી ચાલી રહી હતી, ત્યારે અચાનક રમાબાઈ એપાર્ટમેન્ટનો એક ભાગ તૂટી પડ્યો હતો. આ બિલ્ડિંગમાં લગભગ ૧૨ પરિવારો રહેતા હતા. હજુ પણ ૨૦-૨૫ લોકો કાટમાળમાં ફસાયેલા હોય શકે છે. સ્થાનિકોએ જણાવ્યું કે, આ બિલ્ડીંગ એટલી જૂની હતી અને વરસાદના કારણે દીવાલમાં તિરાડ પડી ગઈ હતી. અધિકારાઓ દ્વારા સુરક્ષાના ધોરણને ધ્યાને રાખીને બીજી વિંગને પણ ખાલી કરી દેવામાં આવી છે.

# આજથી ૫૦% ટ્રમ્પ ટેરિફ લાગુ

## ૫૦ ટકા ટેરિફથી ભારતની ૪૮ અબજ ડોલરની નિકાસને મોટું નુકશાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજથી અમલી બનેલ ટ્રમ્પ ટેરિફથી ભારતના અનેક સેક્ટર પર મોટી અસર પડનાર છે. જેની ભારતની ૪૮ અબજ ડોલરની નિકાસ પર સીધી અસર પડશે, તેમાં વાહન, કપડાં, જવેલરી, કૃષિ ઉદ્યોગ સામેલ છે. અનેક લોકોની નોકરી-ધંધા-રોજગાર ખતરામાં આવી શકે છે.

નિકાસકારોએ જણાવ્યું છે કે, લોન અને વ્યાજદરમાં છુટ સહિત એમએસએમઈને સપોર્ટ આપવાના પગલે સરકાર જલદી ઉઠાવે. બીજી બાજુ ટ્રમ્પના ટેરિફ સામે નિકાસકારોએ કહ્યું છે કે નવા દેશોમાં કારોબારી ક્ષેત્ર વધારીને ખોટની ભરપાઈ કરશું, અમારી પાસે દુનિયામાં ધાક જમાવવાનો ભરપુર ઉત્સાહ છે.

ટેરિફ સંકટથી બચવા યુપી અલગ અલગ ઉત્પાદનો માટે અલગ અલગ દેશોના બજારોમાં પોતાની પહોંચ વધારશે જેને લઈને યુપી સરકાર પોતાની નવી નિકાસ નીતિ પણ લાવી રહી છે. યુપીની લેટિન અમેરિકા યુરોપ પશ્ચિમી એશિયા અને દક્ષિણ-પુર્વી એશિયા પર નજર છે.

ત્રણ-ચાર મહિના નિકાસકારો માટે મહત્વપૂર્ણ ભારતીય નિકાસ મહાસંઘ (ફિયો)ના સહાયક નિર્દેશક આલોક શ્રીવાસ્તવ કહે છે. ૫૦ ટકા ટેરિફથી વેપારનો ઢાંચો તૂટી પડશે.

૧૯ ટકા વેપાર યુપી અને ૨૫ ટકા વેપાર કાનપુરનો અમેરિકા સાથે થતો આવ્યો છે. શ્રીવાસ્તવ કહે છે- ત્રણ-ચાર મહિના ખૂબ જ મહત્વના છે. ટેરિફની અસર અનેક ક્ષેત્રો પર ટેરિફની અસર ભારતના અનેક ક્ષેત્રો પર પડી શકે છે. ટેકસટાઈલ, લેધર, જેમ્સ-જવેલરીથી માંડીને સી-ફુડ સુધીના દરેક સેકટર પર અસર પડશે.

# નવરાત્રિમાં ગુજરાત સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલે (૧) નવા પ્રદેશ પ્રમુખની વરણી અને (૨) મંત્રીમંડળના વિસ્તરણ અંગે આપેલા સંકેતને પગલે સચિવાલયમાં માહોલ ગરમાયો છે. ૨૫-૨૬મીના બે દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન મોદીએ ૨૬મીની બપોરે દિલ્હી પરત રવાના થયા છે. જોકે, તે અગાઉ ૨૫મી રાત્રે તેમના રાજભવન ખાતેના રોકાણ દરમ્યાન તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બંધબારણે બેઠક યોજી હતી. ૨૬મીની સવારે સી.આર.પાટીલ પણ તેમને મળ્યા હતા. આ તબક્કે મંત્રીમંડળનું વિસ્તરણ તો હવે, નિતિ મનાય છે ત્યારે સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨માં ક્યાંક ખુશી તો ક્યાંક ગમનો માહોલ માલૂમ પડે છે. જોકે, મંત્રીમંડળના વિસ્તરણને કેટલાક કારણોસર હાલને તબક્કે મેળ બેસે એમ નથી કેમકે, આજે ગણેશ ચતુર્થી અને સંવત્સરી જેવા તહેવારો છે એટલે રાજ્ય સરકારમાં સંવત્સરીની રજા છે. ૭મી સપ્ટેમ્બરથી શ્રાવ્યની શરૂઆત થશે, જેની સમાપ્તિ ૨૧મી સપ્ટેમ્બરે થશે અર્થાત શ્રાધ્ધની સમાપ્તિ સાથે જ શરૂ થનારી નવરાત્રિ દરમ્યાન જ રાજ્યને નવું મંત્રીમંડળ જોવા મળી શકે છે.

આઉપરાંત ૮, ૯, ૧૦મી સપ્ટેમ્બરના ૩ દિવસ માટે રાજ્ય વિધાનસભાનું ચોમાસું સત્ર યોજાવાનું છે. જેમાં સત્રના પ્રથમ દિવસે શોકદર્શક ઠરાવ, પ્રશ્નોત્તરી ઉપરાંત સરકારી વિધેયકો અને અન્ય સરકારી કામકાજ ચર્ચામાં લેવાના છે ત્યારે હાલ કાર્યરત તમામ મંત્રીઓ તેની તૈયારી-પૂર્વ તૈયારીઓ માટેની મીટિંગોમાં વ્યસ્ત થવાના છે. એટલે એમ મનાય છે કે, મંત્રીમંડળનું વિસ્તરણ શ્રાધ્ધ પક્ષની સમાપ્તિ બાદ જ શક્ય બની શકે છે. જ્યારે કેટલાક સૂત્રો ૨૮મી, ઓગસ્ટથી ૫મી સપ્ટેમ્બર દરમ્યાન પણ મંત્રીમંડળના વિસ્તરણની શક્યતા જોઈ રહ્યા છે. જોકે, સત્તાવાર જાણ કોઈને પણ નથી.

સામાન્ય રીતે ગુજરાત વિધાનસભાના કુલ ૧૮૨ ધારા-સભ્યોની સંખ્યાના ૧૫ ટકા લેખે આશરે ૨૭ મંત્રીનું મંત્રીમંડળ હોઈ શકે છે, જે હાલ ૮ કેબિનેટ અને ૮ રાજ્ય કક્ષાના મંત્રીઓ ઉપરાંત એક મુખ્યમંત્રી મળીને ૧૭નું સંખ્યાબળ ધરાવતું મંત્રીમંડળ છે. હવે, એમ સમજાય છે કે, મંત્રીપદે જેમની કામગીરી સંતોષજનક જણાઈ નથી તેવા ૩થી ૫ મંત્રીને નવા વિસ્તરણ વખતે પડતા મૂકાઈ શકે છે, જ્યારે અન્ય ૫થી ૮ નવા ચહેરાને સામેલ કરાય તેવી શક્યતા છે. મંત્રીમંડળના હાલના ૧૭ના કદમાં સંભવતઃ ૩-૪નો વધારો સંભવ જણાય છે

### મિચ્છામિ દુક્કડમ

મુખ્ય સમાચાર પરિવાર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વાચકો, વિજ્ઞાપનદાતાઓ, એજન્ટ ભાઇઓ, વિતરકભાઇઓ તેમજ કોઇપણ સમાજના વ્યકિતઓનું જાણે અજાણે મન દુભાયું હોય તો તે સર્વેને અમે મન, વચન અને કર્મથી મિચ્છામિ દુક્કડમ પાઠવીએ છીએ.

**- મેનેજિંગ તંત્રી**

# અંકલેશ્વરમાં વિઘ્નહર્તાની આગમન યાત્રા દરમ્યાન સર્જાઇ કરૂણાંતિકાઃ એકનું મોત, ૧૨ને ઈજા

**મુખ્ય સમાચાર, અંકલેશ્વર**

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં ગણેશજીની આગમન યાત્રા દરમિયાન બે અલગ અલગ ઘટનાઓમાં એક બાળકીનું કરુણ મોત થયું છે, જ્યારે આઠથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાઓને પગલે સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ માતમમાં ફેરવાઇ ગયો છે.

અંકલેશ્વરના ગડખોલ ગામ પાસે આવેલા હરિકૃપા સોસાયટીમાં ગણેશ સ્થાપના પહેલાં આગમન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં ડીજેના ટેમ્પાની પાછળ પાછળ બાળકો નાચી રહ્યા હતા. આ દરમિયાન ડીજેનો ટેમ્પો અચાનક રિવર્સ આવતા પાંચ વર્ષની બાળકી નવ્યા પ્રવિણસિંગ સહિત અન્ય બાળકોને અડફેટે લીધા હતા. ગંભીર ઈજાઓને કારણે નવ્યાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે દિયાન, જનક અને ક્રિષ્ના નામના બાળકોને ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવ-ાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ ટેમ્પોના ડ્રાઈવર રાકેશે પોતાનું વાહન સોસાયટીના રહેવાસી ચિરાગ વ્યાસને ચલાવવા આપ્યું હતું. ચિરાગ વ્યાસે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા આ દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી આવ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં બનેલી બીજી ઘટનામાં જીઆઇડીસીના સીઓપી ૭ ગ્રુપની શ્રીજીની આગમન યાત્રા ચાલી રહી હતી. આ દરમિયાન એક આખલો યાત્રામાં ઘૂસી આવ્યો હતો. ડીજેના મોટા અવાજને કારણે ભડકેલા આખલાએ આતંક મચાવતા ૮ થી ૧૦ લોકોને અડફેટે લીધા હતા, જેમાં ચાર મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

# અમેરિકન ૫૦% ટેરિફની અસરઃ સુરત સહિત દેશના અન્ય ઉદ્યોગોમાં ઉત્પાદન ઠપ્પ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજથી અમલી બનાવેલા ભારત પરના ૫૦% ટેરીફની અસર પ્રથમ દિવસથી જ શરૂ થઈ છે. ભારત સરકાર આ ટેરીફ સામે કઈ રીતે ૫૦% ટેરીફની અસર પ્રથમ દિવસથી જ શરૂ થઈ છે.

ભારત સરકાર આ ટેરીફ સામે કઈ રીતે મુકાબલો કરી ઘરઆંગણે ઉત્પાદન-રોજગાર વિ.ને અસર ન થાય તે માટેના વ્યુહો ગોઠવી રહી છે પણ આ ટેરીફ ભારતના અમેરિકા ખાતેની નિકાસના ૬૦ બીલીયન ડોલરની નિકાસ પર અસર કરશે.

ખાસ કરીને ટેક્ષટાઈલ રેડીમેઈડ ગારમેન્ટ, જેમ્સ-જવેલરી દરિયાઈ પેદાશ- કારપેટ અને ફર્નીચર ઉદ્યોગને મોટું નુકશાન જશે જેની ૭૦% નિકાસ અમેરિકામાં થાય છે પણ આ ટેરીફ આવી રહ્યા છે તે નિશ્ચિત બનતા જ નિકાસલક્ષી એકમો સાવધ થઈ ગયા હતા.

ધ ફેડરેશન ઓફ ઈન્ડીયન એકસપોર્ટના જણાવ્યા મુજબ તિરૂપતી નોઈડા સુરત સહિતના કેન્દ્રમાં જયાં ટેક્ષટાઈલ-ગારમેન્ટ ઉદ્યોગ નિકાસ પર આધારિત છે ત્યાં ફેકટરીઓમાં ઉત્પાદન થંભાવી દેવામાં આવ્યું છે તેમાં ૫૦% ટેરીફ વચ્ચે અમેરિકામાં નિકાસ કરી શકે તેમ નથી.

ખાસ કરીને વિયેતનામ-બાંગ્લાદેશ પર ઓછા ટેરીફ છે જે અગાઉ જ ભારતના સ્પર્ધક બની ગયા હતા તે આજે હવે વધુ લાભની સ્થિતિમાં છે. સમુદ્રી-ખાદ્ય પદાર્થ-સી ફુડ જે અમેરિકી માર્કેટમાં ૪૦% હિસ્સો ધરાવે છે તેની નિકાસ થંભી ગઈ છે અને તેના કારણે દરિયાઈ ખેડુતો- નિકાસકારોને મોટો ફટકો પડયો છે.

એક વખત નિકાસ બજારમાં ટેરીફ ઘુસી જાય પછી કદાચ ટેરીફ-નીચા જાય તો આ પછી તેને છૂટ કરવા મુશ્કેલ બની જશે. કોફેડરેશન ઓફ ઈન્ડીયન ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝના જણાવ્યા મુજબ ટેક્ષટાઈલ ઉત્પાદકો હવે સરકાર સામે જુએ છે પણ જે કઈ પગલા લેવાય તેની અસર પડતા પણ લાંબો સમય થશે. સરકાર પણ આ તબકકે કેટલું કરી શકે છે તે મહત્વનું છે. ખાસ કરીને રોજગારનો પ્રશ્ન ઉભો થશે.



બીજી તરફ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાનો રીસર્ચ સપોટ કહે છે. ૫૦% ટેરીફથી ૪૫ અબજ ડોલરની નિકાસ પ્રભાવિત થશે. ભારત હાલ વ્યાપાર સરપ્લસ છે જે બાદમાં બદલાઈ જશે.

ભારતીય ઉત્પાદનો સ્પર્ધાત્મક સ્થિતિમાં રહેશે નહી અને ચીન, ઈન્ડોનેશિયા, વિયેટનામ, જાપાન જેવા દેશો લાભ લઈ જશે. જેમ્સ-જવેલરી ક્ષેત્ર ૨૮.૫ અબજ ડોલરની નિકાસ કરે છે જે અડધી થઈ જશે.

# વડાપ્રધાન મોદીએ ટ્રમ્પની કરી અવગણના!: ચાર વખત ફોન કર્યા પણ ન ઉપાડયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. ટ્રમ્પે અગાઉ ૨૫ ટકા સેકન્ડરી ટેરિફ લાદ્યો હતો કારણ કે ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદી રહ્યું છે. ટ્રમ્પ કહે છે કે આમ કરીને ભારત યુક્રેન સામેના યુદ્ધમાં રશિયાને મદદ કરી રહ્યું છે. ભારતે અમેરિકાના નિર્ણય સામે સખત વાંધો ઉઠાવ્યો છે.

ટ્રમ્પના આ નિર્ણયની અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધો પર પણ ખરાબ અસર પડી છે. પીએમ મોદીએ અમેરિકાને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ભારત કોઈપણ દબાણ હેઠળ ઝૂકશે



નહીં. દરમિયાન, જર્મન અખબાર ફ્રેન્કફર્ટર ઓલગેમેઈન ઝેઈટુંગે પોતાના અહેવાલમાં દાવો કર્યો છે કે ભારત પર ટેરિફ લાદ્યા પછી, ટ્રમ્પે પીએમ મોદીને ચાર વખત ફોન કર્યો હતો, પરંતુ તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.

રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે, ટ્રમ્પના ટેરિફથી ગુસ્સે થયેલી ભારત સરકાર અમેરિકા સાથે કોઈ સરળ સોદો કરવા માંગતી નથી. હેન્ડ્રિક એન્કેન બ્રાન્ડ, વિનાન્ડ વોર્ન પીટર્સડોર્ફ, ગુસ્તાવ થિલે તેમના લેખમાં લખ્યું છે કે આ ભારત સરકારની બદલાયેલી નીતિનું ઉદાહરણ છે. અમેરિકાથી ગુસ્સે થઈને, ભારતે ચીન અને રશિયા સાથેના સંબંધો સુધારવાનું શરૂ કર્યું છે.

# ગણેશોત્સવ પર સોનાના દાગીનાની માંગમાં ઉછાળો

**મુખ્ય સમાચાર, મુંબઇ**

લગ્ન, દિવાળી, ધનતેરસ અને ગુડી પડવાની સાથે, હવે ગણેશોત્સવ પર પણ સોનાના દાગીનાની માંગમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. આ તહેવાર પર ગણપતિને અર્પણ કરવા માટે ૧૫૦૦ કરોડ રૂપિયા સુધીના દાગીના, પાદુકા, મોદક, ઉંદર વેચાય તેવી શકયતા છે. મુંબઈના ઝવેરી બજારના વેપારીઓ માને છે કે વિસર્જન સુધી ૨૦૦૦ કરોડ રૂપિયાનું વેચાણ થઈ શકે છે.

ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના રાષ્ટ્રીય પ્રવક્તા કુમાર જૈન કહે છે કે ગણેશોત્સવ પર માન્યતા માટે ઘરેણાંની માંગ ખૂબ વધારે છે. વિવિધ ડિઝાઇન અને વજનના ઘરેણાંની માંગ છે. માંગ જોતાં, અમને લાગે છે કે આ વર્ષે ૧૨૫ ટન સોનાનું વેચાણ થશે.

કુમાર કહે છે કે ગયા વર્ષે પણ વેચાણ સારું હતું, પરંતુ આ વર્ષે ગ્રાહકો ઘણી અલગ અલગ વસ્તુઓની માંગ કરી રહ્યા છે. આમાં, ગણપતિ માટે સોનાના હાર, પાદુકા, ચેન, કાનની બુટ્ટી,



ગણપતિની મૂર્તિઓ અને હનુમાનની ગદા સાથે ઉંદર ખરીદવામાં આવી રહ્યો છે. હળવા વજનના સોનાના મોદક અને ઉંદરની માંગ વધુ છે. જો આપણે દરેક દુકાન પર નજર કરીએ તો, ૧૫૦ મોદક અને ઉંદર વેચાઈ રહ્યા છે. તે જ સમયે, પ્રતિ દુકાન ૧૫ થી ૨૫ હાર અને પાદુકા વેચાઈ રહ્યા છે.

ઝવેરી બજારના અંબિકા જ્વેલર્સના મુકેશ જૈન કહે છે કે આ વર્ષે પરંપરાને પૂર્ણ કરવા માટે, ગણેશોત્સવ પર ઘરેણાંની માંગ છે. આમાં ૧ તોલાથી ૧૫ તોલાના હાર, પાદુકા, ૧૫ ગ્રામથી ૨૫ ગ્રામ સોનાના મોદક અને મૌસકા અને હિબિસ્કસ (જસવંતી) ના ફૂલો ખરીદવામાં આવી રહ્યા છે. તેમનું કહેવું છે કે મુંબઈના ઝવેરી બજારમાં દરરોજ ૨૦૦ થી ૨૫૦ કરોડ રૂપિયાનું વેચાણ થઈ રહ્યું છે. તે જ સમયે, સોનાના પાદુકા તૈયાર કરવા માટે ૮૦ થી ૯૦ કિલો સોનાના પાંદડાનો ઉપયોગ થઈ રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે ગણપતિ પર દિવાળી જેવી ખરીદી જોવા મળી રહી છે. જો આપણે હાલમાં જીએસટી ઉમેરીએ તો, સોનાનો ભાવ પ્રતિ દસ ગ્રામ એક લાખ રૂપિયા છે, જ્યારે ચાંદીના ભાવ પહેલાથી જ પ્રતિ કિલો એક લાખ રૂપિયા ચાલી રહ્યા છે. છેલ્લા બે થી ત્રણ વર્ષમાં, આ ટ્રેન્ડ ઝડપથી વધ્યો છે, જેમાં લોકો ઓળખ માટે ઘરેણાં અને અન્ય વસ્તુઓ ખરીદે છે. આમાં, ૫૦ ટકાથી વધુ ખરીદી લાલબાગ કા રાજા માટે કરવામાં આવે છે, ત્યારબાદ અન્ય ગણપતિ મંદિરોમાં ચઢાવવા માટે બનાવવામાં આવે છે. કુમાર કહે છે કે ગયા વર્ષે ગણેશ ઉત્સવ પર સોનાનો ભાવ ૮૫,૦૦૦ રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતો અને ૮૦ ટન સોનું વેચાયું હતું.

# જામનગરની ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજને સતત બીજા વર્ષે મળ્યો રાષ્ટ્રીય પુરસ્કાર

## મોં અને દાંતના સ્વાસ્થ્ય તેમજ તમાકુના ઉપયોગથી થતા નુકસાન અંગે જાગૃતિ ફેલાવવાના વિશિષ્ટ કાર્યક્રમો યોજવા બદલ મેળવ્યું સન્માન




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલે ફરી એકવાર રાષ્ટ્રીય કક્ષાએ અનોખી સિદ્ધિ હાંસલ કરીને સમગ્ર સૌરાષ્ટ્રનું નામ ગૌરવવંતુ કર્યું છે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નવી દિલ્હી દ્વારા દેશભરની ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલોને મોં અને દાંતના સ્વાસ્થ્ય તેમજ તમાકુના ઉપયોગથી થતા નુકસાન અંગે જાગૃતિ ફેલાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ ઝુંબેશ અંતર્ગત યોજાતા શ્રેષ્ઠ કાર્યક્રમો માટે દર વર્ષે પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.જામનગરની આ સંસ્થા દ્વારા મોં અને દાંતના સ્વાસ્થ્ય વિશે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેમાં વ્યાખ્યાનો, શેરી નાટકો, રેલીઓ, નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓ, તેમજ દંત નિદાન કેમ્પનો સમાવેશ થાય છે.આયોજિત કાર્યક્રમોનો વિગતવાર અહેવાલ નવી દિલ્હી મોકલવામાં આવે છે.

આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં દર વર્ષે ૧૮૦થી વધુ ડેન્ટલ કોલેજો ભાગ લે છે. જામનગર માટે ગર્વની વાત એ છે કે, આ સંસ્થાએ તેના ઉત્કૃષ્ટ કાર્યક્રમો અને કામગીરી બદલ સતત બીજા વર્ષે આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર મેળવ્યો છે.આ સિદ્ધિનો શ્રેય સંસ્થાના વડા ડો. નયના પટેલના સક્ષમ નેતૃત્વ, પબ્લિક હેલ્થ ડેન્ટિસ્ટ્રી વિભાગના વડા ડો. રોહિત અગ્રવાલ, વાઈસ ડીન ડો. રીટા ઝા, પી.જી. ડાયરેક્ટર ડો. રાધા ચાંગેલા, અને અન્ય વિભાગના વડાઓ જેવા કે ડો. સંજય લગદીવે, ડો. વિપિન આહુજા, ડો. ગિરીશ ચૌહાણ, ડો. રાજેશ પટેલ, ડો. નિશા વર્લિયાની, ડો. સિદ્ધિ હાથીવાલા, ડો. કૃષ્ણ સાગર, ડો. નિહારિકા બેન્જામિન, ડો. ધ્રુતી પોબારુ અને ડો. અર્પિત પટેલના અથાગ પ્રયાસોને જાય છે.આ સન્માન માત્ર સંસ્થા માટે જ નહીં, પરંતુ સમગ્ર સૌરાષ્ટ માટે ગૌરવની ક્ષણ છે. આ પુરસ્કાર ભવિષ્યમાં વધુ જનલક્ષી આરોગ્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે સંસ્થાને પ્રેરણા પૂરી પાડશે.

# જામનગરમાં ટીબી મુક્ત ભારત અભિયાન અને નારી વંદન ઉત્સવ અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે આરોગ્ય જાગૃતિ સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ટીબી મુક્ત ભારત અભિયાન અને નારી વંદન ઉત્સવ અંતર્ગત વિવિધ રોગો અને મહિલાઓના સર્વાંગી વિકાસ વિશે જાગૃતિ ફેલાવવાના હેતુથી જામનગરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બી.એડ. કૉલેજ, દરેડ ખાતે ટીબી, હિપેટાઈટિસ, એચ.આઈ.વી., એનિમિયા, અને વાહકજન્ય રોગો પર જાગૃતિ સેમિનાર યોજાયો હતો.દર વર્ષે ૨૪ માર્ચે, વિશ્વ ક્ષય રોગ (ટીબી) દિવસ ઉજવવામાં આવે છે, જેનો ઉદ્દેશ્ય સૌથી ઘાતક ચેપી રોગ ટીબીને નાબૂદ કરવા માટે જાગૃતિ લાવવાનો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટીબી નાબૂદી માટે જનભાગીદારી પર ભાર મૂક્યો છે. નિ-ક્ષય પોષણ યોજના હેઠળ, ટીબીના દર્દીઓને પોષણ માટે અપાતી માસિક નાણાકીય સહાય ૫૦૦ થી વધારીને ૧,૦૦૦ કરવામાં આવી છે, જે સમગ્ર સારવાર દરમિયાન દર્દી દીઠ કુલ ૬,૦૦૦ સુધીની સહાય પૂરી પાડે છે.

આ સહાય મેળવવા માટે દર્દીનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.કાર્યક્રમમાં હિપેટાઈટિસ બી વિશે માહિતી આપતા જણાવાયું કે આ ગંભીર યકૃત રોગ છે, જે હિપેટાઈટિસ બી વાયરસ () થી ફેલાય છે. આ વાયરસ કોઈપણ ઉંમરના લોકોને સંક્રમિત કરી શકે છે. તેનાથી બચવા માટે સુરક્ષિત અને અસરકારક રસી ઉપલબ્ધ છે, જે નવજાત શિશુઓને જન્મના ૨૪ કલાકની અંદર આપવામાં આવે છે. એનિમિયા આયર્નની ઉણપથી થતો આ સૌથી સામાન્ય રોગ છે. જેમાં લાલ રક્તકણોની ઉણપને કારણે શરીરના કોષોને પૂરતો ઓક્સિજન મળતો નથી, જેના પરિણામે નબળાઈ અને થાક લાગે છે.

એનિમિયાને રોકવા માટે, આયર્ન, વિટામિન સી અને વિટામિન બી૧૨ જેવા પોષક તત્વોથી ભરપૂર ખોરાક લેવો, જેમ કે ફળો, શાકભાજી અને પૂરતું પાણી પીવું જરૂરી છે.આ સેમિનારમાં નારી વંદના ઉત્સવ અંતર્ગત મહિલાઓના સર્વાંગી વિકાસ, સુરક્ષા, સ્વાવલંબન, અને સ્વાસ્થ્ય જેવા મુદ્દાઓ પર પણ માર્ગદર્શન અપાયું હતું. મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં સશક્ત બને તે હેતુથી તેમને વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ સેમિનારમાં ૬૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો,



જેમને ટીબી, હિપેટાઈટિસ, એચ.આઈ.વી., એનિમિયા, કુપોષણ અને વાહકજન્ય રોગો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. નુપુર પ્રસાદ અને જિલ્લા ક્ષય અધિકારી ડૉ. પંકજકુમાર સિંઘના માર્ગદર્શન હેઠળ દરેડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ્ય મેડિકલ ઓફિસર ડૉ. મકવાણા, ડી.પી.એસ. વીકુંદ રાઠોડ, ટીબી સુપરવાઈઝર વિમલભાઈ નકુમ અને ટીબી વિઝિટર ઈરફાન શેખ સહિતના આરોગ્ય કર્મચારીઓએ ભાગ લીધો હતો. બી.એડ. કૉલેજના આચાર્ય ડૉ. પ્રફુલ્લાબા જાડેજા અને શિક્ષક ડૉ. સંજયભાઈ ચોવટિયાએ આ કાર્યક્રમમાં સહકાર આપ્યો હતો.

# જામનગરના મેળામાં ૧૫થી વધુ બાળકોને શોધી વાલીને સોંપતી જામનગર પોલીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મિશન મુસ્કાન અંતર્ગ જામનગરના મેળામાં ૧૫ થી બાળકો પોતાના વાલીથી વિખુટા પડી ગયા હતા. પોલીસે આ બાળકોને તેમના વાલી સાથે મિલાપ કરાવી દીધો હતો.ગત તા.૧૫/૦૮/૨૦૨૫ થી જામનગરમાં પ્રદર્શન ગ્રાઉન્ડમાં મેળો શરૂ થયો છે. જેમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ મેળામાંથી વાલીથી છુટા પડેલ બાળકોને તાત્કાલીક શોધી કાઢી તેમના વાલી વારસને સોંપી આપવા માટે પોલીસ અધિક્ષક દ્વારા સૂચના આપવામાં આવી હતી.જે અંગે ગઈ તા.૧૫/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૦૮/૨૦૨૫ સુધીમાં પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ.ચાવડા ના માર્ગદશન મુજબ લોકમેળામાં સતર્ક પોલીસ બંદોબસ્ત રાખી તેમજ કાયદો વ્યવથાની પરિસ્થિતિ જાળવી લોક મેળામાં વાલીઓથી છુટા પડેલ ૧૫થી વધુ બાળકોને તાત્કાલીક શોધી કાઢી તેમના વાલી વારસને સોંપી આપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે.

# જીયાણા ગામની સીમમાં કારખાનાના શટર ઉચકાવી રૂ.૭.૯૦ લાખની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીયાણા ગામની સીમમાં આવેલા ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં કારખાનાના શટર ઉચકાવી .. લાખની મશીનરી,સીસીટીવીના ડીવીઆર સહીતની વસ્તુઓ ઉઠાવી ગયાની ફરીયાદ કરતા એરપોર્ટ પોલીસે ગુનો નોધી સીસીટીવીના આધારે તસ્કરોને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ લક્ષ્મીનગર મેઈન રોડ પર રહેતા અને આઈસીઆઈસીઆઈ બેંકમાં નોકરી કરતા અને બામણબોર પાસેના જીયાણા ગામની સીમમાં ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં બાલાજી એગ્રો નામે ભાગીદારીમાં કારખાનુ ચલાવતા ચેતનાબેન મનોજ કુમાર ધડુક એ ફરીયાદ કરી હતી.જેમા તેને જીયાણા ગામની સીમમાં ભાગીદારીમાં કારખાનુ શરૂ કર્યુ હતુ અને રક્ષા બંધનના તહેવારથી શરૂઆત કરવામાં આવી હતી બાદમાં સાતમ આઠમના તહેવારમાં રજા હોય બાદ તા.૨૧ના રોજ તેના કારખાને તેના ભાગીદારો સાથે ગયા હતા

જેમા ચાર શટર આવેલા હોય જેમા ત્રણ શટરને તાળા માર્યા હતા અને એક શટરને ખુલ્લુ રાખ્યુ હોય જે શટર ઉચકાવી કોઈ તસ્કરો રૂ.૭.૪૫ લાખની કિમતની મશીનરી અને ૪૫ હજારની કિમતની ડીવીઆર સહિત રૂ.૭.૯૦ લાખની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ કરતા પીએસઆઈ મિશ્રા સહીતના સ્ટાફે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં શંકરટેકરી વિસ્તારમાં દિવાલ ધરાશાયી થતા મૃત્યુ પામનાર યુવકના પરિવારને સહાય ચુકવવા વિપક્ષોએ કમિશનરને કરી રજૂઆત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના શંકરટેકરી વિસ્તારમાં પાણીના ટાંકાની દિવાલ ધરાશાયીમાં મૃત્યુ નિપજનાર યુવકના અને નુકશાન થયેલ પરિવારોને સહાય ચુકવવા માટે આજે સ્થાનિક લોકો સાથે વિપક્ષોએ કમિશનરને લેખિત રજુઆત કરી છે અને પાણીના જર્જરિત ટાંકા અને દીવાલો નવી બનાવવા માટે માંગણી કરવામાં આવી છે.શહેરના શંકરટેકરી વિસ્તારમાં ગત શનિવારે પાણીના ટાંકાની દિવાલ ધરાશાયી થતા અને ત્યાંના રહેવાસી અયુબભાઈની માથે પડતા શરીરે ઈજા પહોંચતા સારવારમાં મૃત્યુ નિપજ્યું હતું. તેમજ દિવાલ પડતા નીચે પાંચ મોટર સાયકલો દબાઈ ગયા હતા. તેમજ પાણીનો પ્રવાહ આવતા લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. જેથી અમુક લોકોની ઘરવખરી પલળી ગઈ હતી અને પાણીના પ્રવાહમાં તણાઈ ગઇ હતી. જેથી નુકશાન થયેલ તેમજ મૃતકના પરિવારોને અને મોટર સાયકલમાં સહિતના લોકોને થયેલ નુકશાનની સહાય આપવા માટે મંગળવારે વિપક્ષોએ કમિશનરને લેખિત રજુઆત કરી હતી.શહેરના શંકર ટેકરીમાં આવેલો પાણીને ટાંકો ૫૦ વર્ષ જેટલો જનો છે. પાણીના ટાંકાની



જર્જરિત દીવાલો અને જુના ટાંકા તાત્કાલિક ધોરણે નવા બનાવવાની કામગીરી કરવા તેમજ મહાનગરપાલિકા સંચાલિત આવા ટાંકા અને બિલ્ડીંગોનું જર્જરિત અને નુકશાન કારક હોય તો નવી બનાવવા માંગણી કરવામાં આવી છે. આ રજુઆતમાં,આનંદ ગોહિલ,કોર્પોરેટર આનંદ રાઠોડ, જેનબબેન ખફી સહિતના કાર્યકર્તા જોડાયા હતા. .શંકરટેકરી પાણીનો ટાંકો અંદાજે ૫૦ વર્ષ પહેલા બનેલો છે. તેના દ્વારા અડધા જામનગરને પીવાનું પાણી વિતરણ કરાય છે. જે ટાંકા પરથી ૬૦ ફૂટ ઉંચાઈએથી છલકાતો હોય અને જર્જરીત દીવાલે પાણીના ચારથી પાંચ ફૂટ જેટલો ભરાવો થવાથી ઘટના બન્યાનો આક્ષેપ કરાયો છે.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે ખઢેરા ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા તથા આંગણવાડીની આકસ્મિક મુલાકાત લઈ જન સુવિધાઓની સર્વગ્રાહી સમીક્ષા કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જનતાને મળતી સેવાઓનું નિરીક્ષણ કરવા અને વહીવટી પારદર્શિતાની સમીક્ષા કરવા હેતુ જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે કાલાવડ તાલુકાના ખઢેરા ગામે ગ્રામ પંચાયત કચેરી, પ્રાથમિક શાળા, અને આંગણવાડીની આકસ્મિક મુલાકાત લીધી હતી. અને જન સુવિધાઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.મુલાકાત દરમિયાન કલેક્ટરએ ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો હતો અને તેમના પ્રશ્નો તથા રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા.તેમજ નાગરિકોની સમસ્યાઓનું નિવારણ લાવવા માટે સત્વરે જરૂરી પગલાં લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.કલેક્ટરએ ખઢેરા પ્રાથમિક શાળાની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને શિક્ષણની ગુણવત્તા અંગે શિક્ષકો પાસેથી માહિતી મેળવી હતી. તેમણે આંગણવાડીની કામગીરીની પણ સમીક્ષા કરી, જેમાં બાળકોના પોષણ અને આરોગ્ય સંબંધિત સેવાઓ વિશેની માહિતી મેળવી હતી. સાથે જ બાળકોને મળતા પૂરક આહાર અને અન્ય સુવિધાઓની પણ ચકાસણી કરવામાં



આવી હતી.વહીવટી કામગીરીની સમીક્ષા કરતાં, કલેક્ટરશ્રીએ ગ્રામ પંચાયતના રેકોર્ડની ઝીણવટપૂર્વક તપાસ કરી હતી. તેમણે e-KYC, આયુષ્માન કાર્ડ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધાઓ, વેરા વસૂલાત, જન્મ-મરણ નોંધણી, અને અન્ય દસ્તાવેજી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ જ્યાં પણ સુધારાની જરૂર જણાઈ ત્યાં તેમણે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે ગ્રામ્ય પ્રાંત અધિકારી કાલરીયા, સરપંચ અને તલાટી મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

# સોરઠીયાવાડી પાસે કારખાનામાં માલવાહક લીફટમાં માથુ ફસાઇ જતાં યુવકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોરઠીયાવાડી ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલા આકાશ વોચ ટાઈમ નામના કારખાનામાં કામ કરતા મોટા ભાઇને મળવા ગયેલા ૧૮ વર્ષી ય મહેશ બાબુભાઈ સોલંકી (ઉ.વ.૧૮) નામના યુવકનું કારખાને માલવાહક લીફટમાં માથુ ફસાઈ જતાં ગંભીર ઈજા થવાથી મૃત્યુ નિપજ્યાની ઘટના ભક્તિનગર પોલીસ મથકે નોંધાઇ છે. આ અંગેની વિગતો મુજબ મહેશનો મોટો ભાઈ ઘર નજીક કારખાનામાં કામ પર જતો હોય મહેશ મોટાભાઈને મળવા ક્યારેક ક્યારેક કારખાને જતો હતો. કારખાનામાં માલ વહન માટે લીફટ છે. મહેશ લીફટમાં પુઠ્ઠાના માલ સાથે ઉપર લીફટમાં ત્રીજા માળે જતો હતો. લીફટ ત્રીજા માળ પહોંચતા બંધ પડી ગઇ હતી. લીફટ બંધ થતાં મહેશે શું થયું જોવા માથુ બહાર કઢ્યું એવામાં અચાનક લીફટ ફરી ચાલુ થઈ હતી. લીફટ ચાલુ થતાં મહેશનું માથુ સીધું લીફટમાં ફસાઇને છુંદાઈ ગયું હતું. ગળાના ભાગે પણ ઈજા થઈ હતી. દેકારો થતાં તાત્કાલીક ઈજાગ્રસ્ત હાલતમાં બહાર કઢાયો હતો અને સારવારમાં લઇ જવાયો હતો. જ્યાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. મૃતક બે ભાઈ-બે બહેનમાં નાનો હતો.

# બગસરાના સાપર ગામે દીકરીના પિતાએ ખુની ખેલ ખેલ્યોઃ પ્રેમીની માતાને મોતને ઘાટ ઉતારી

## દીકરી ભગાડી ગયાના મન દુઃખના હુમલામાં પ્રેમીના દાદી ઘાયલ થતાં ગંભીર હાલતઃ દીકરીના પિતાએ ઘરમાં તોડફોડ કરી લૂંટ ચલાવી

**મુખ્ય સમાચાર, બગસરા**

બગસરા તાલુકાના સાપર ગામે આજે વહેલી સવારે બે પરિવારો વચ્ચે દીકરી ભગાડી ગયાના મન દુખને કારણે થયેલ માથાકૂટમાં દીકરીના પિતાએ બે મહિલાઓને છરીના ઘા માર્યા હતા જેમાં એકનું મોત નીપજયુ જ્યારે બીજી મહિલાને ગંભીર હાલત-માં રાજકોટ ખસેડવામાં આવેલ છે.



આ અંગેની મળેલ વિગતો મુજબ બગસરા તાલુકાના સાપર ગામે આજે સવારે હત્યાની ઘટના બની હતી જેમાં ફરિયાદી અરવિંદભાઈ બચુભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૫૦ એ પોલીસને આપેલ નિવેદન મુજબ તેમનો પુત્ર હાર્દિક આરોપી નરેશભાઈ ચૌહાણ તાલુકો વિસાવદર હાલ રહેવાસી જુનાગઢની પુત્રી ખુશી સાથે પ્રેમ સંબંધ હોવાને કારણે બંને ઘરમાં કોઈ પ્રકારની જાણ વગર ઘરેથી ભાગી ગયા હતા, જેને કારણે આરોપી નરેશભાઈ ચૌહાણને મન દુઃખ થતા આજરોજ મંગળવારના સવારે ૧૦ વાગ્યા આસપાસ અરવિંદભાઈ રાઠોડને ઘરે આવી પહોંચ્યા હતા. જ્યાં બે પરિવારો વચ્ચે માથાકૂટ થઈ હતી જેમાં નરેશભાઈએ અરવિંદભાઈના ઘરની દિવાલ કૂદીને તેમની માતા મણીબેન તથા પત્ની ગીતાબેન ઉંમર વર્ષ ૪૮ પર છરી વડે હુમલો કર્યો હતો. જેમાં ગીતાબેનનું મોત નીપજ્યું હતું તેમજ મણીબેનને ગંભીર હાલતમાં રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત-આરોપીએ ઘરમાં ભાંગ તોડ કરી રૂ.૪,૦૦૦નું નુકસાન કર્યા અંગેની ફરિયાદ બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલ છે જેની તપાસ પીઆઈ ગીડા ચલાવી રહ્યા છે.

# કેબીસીમાં જામનગરના દિપક જાદવે જીત્યા ૧૨.૫૦ લાખ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના યુવાન દિપકકુમાર પુનાભાઈ જાદવ કેબીસીના ઓડીશનમાં સિલેકટ થઇ ગઇકાલે તા.૨૫-૮-૨૦૨૫ને સોમવારના રોજ બોલીવુડના ખલનાયક અમિતાભ બચ્ચન સામે હોટસીટ પર બિરાજમાન થયા હતાં અને પોતાની સુજબુજથી ૧૨ પ્રશ્નોના જવાબ આપી ૧૨ લાખ ૫૦ હજાર રૂપિયા જીત્યા હતાં અને જામનગરનું ગૌરવ વધાર્યુ હતું.જામનગરના પૂર્વ બેંક કર્મચારી તેમજ હાલ ત્રીશાલી પાઉભાજીના સંચાલક પુનાભાઇ જાદવના પુત્ર તેમજ ભાજપ અગ્રણી સામતભાઇ પરમારના જમાઇ દિપકકુમાર પુનાભાઇ જાદવ કેબીસીની હોટસીટ ઉપર ગઇકાલે જોવા મળ્યા હતાં, તે કેબીસીના ઓડીશનમાં સીલેકટ થયા હતાં અને અઠવાડીયાના પહેલા જ દિવસે ફાસ્ટર ફીંગર ફર્સ્ટમાં જલ્દી જવાબ આપી ટોપ-ટુ સીલેકટ થયા હતાં.ફાસ્ટર ફીંગર ફર્સ્ટમાં જલ્દી જવાબ આપી ટોપ-ટુમાં સિલેકટ થયા બાદ જલ્દી પાંચમાં બે વ્યકિત વચ્ચે જે જલ્દી પાંચ જવાબ આપે તેને બોલીવુડના ખલનાયક અમિતાભ બચ્ચનની સામે હોટસીટ ઉપર બેસવાનો મોકો મળે છે, જે





પ્રતિયોગીતામાં જલ્દી ૫ જવાબ આપીને જામનગરના દિપકકુમાર જાદવે એ મોકો મેળવ્યો હતો અને હોટસીટ ઉપર બેસવા માટે સીલેકટ થયા હતાં.હોટસીટ ઉપર બેસ્યા બાદ દિપકકુમાર અને અમિતાભ બચ્ચન વચ્ચે ઘણી વાતચીતો થઇ તેમજ દિપકકુમારના અંગત જીવન ચરીત્ર ઉપર પણ વાતચીતો થઇ જેમાં અમિતાભ બચ્ચને તેમના જીવન ચરીત્રની પણ પ્રશંસા કરી હતી તેમજ દિપકકુમાર સહિત તેમનો સમગ્ર પરીવાર કેબીસીના શોમાં જોડાયા હતાં, દિપકકુમાર અને તેમના પરીવારે અમિતાભ બચ્ચને સરપ્રાઇઝ પણ આપ્યું હતું તેમાં આઇલવ અમિતાભ સરનું પોસ્ટર આપ્યું હતું. ત્યારબાદ ઘણા મુશ્કેલ સવાલો તેમની સામે મુકાયા હતાં, દિપકકુમારે તેમની ૨૦ વર્ષની મહેનતથી તમામ સવાલોના જવાબ અત્યંત સુજબુજથી આપ્યા હતાં.

દિપકકુમાર જાદવે હોટસીટ ઉપર બેસીને ૧૨ સવાલોના જવાબ આપ્યા હતાં અને ૧૨ લાખ ૫૦ હજાર રૂપિયા જીત્યા હતાં જેમાં તેમણે ૩ લાઇફલાઇનનો પણ ઉપયોગ કર્યો હતો, તે ઉપરાંત તેમણે સુપર સન્દુક નામની પ્રતિયોગીતામાં પણ નવ જવાબ સાચા આપ્યા હતાં તેમાં તેમણે તેમની બુધ્ધી વાપરીને ૯૦ હજાર રૂપિયા લેવાની જગ્યાએ ઓડીયન્સ પોલ નામની લાઇફલાઇન જીવીત કરી હતી તે લાઇફલાઇનની મદદથી તેમણે ૧૨ લાખ ૫૦ હજાર રૂપિયાનો સવાલ હતો તેનો જવાબ આપ્યો હતો, ત્યારબાદ ૨૫ લાખના સવાલમાં તેમને ક્વફયુઝન હતું તેથી દિપકકુમારે ત્યાં જ ગેમને કવીટ કરી નાખી હતી.કેબીસીમાં સીલેકટ થતાં દિપકકુમારને ઠેર-ઠેરથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમજ જામનગરમાં તેમનો સન્માન કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો, કેબીસીમાં સીલેકટ થતાં દિપકકુમાર પુનાભાઇ જાદવે જામનગરનું ગૌરવ વધાર્યુ છે.

# સોની બજારમાં પુત્રની દુકાને 30,000 આપવા જતા વૃધ્ધાને રિક્ષા ગેંગ એ શિકાર બનાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નિવૃત્ત જીવન પસાર કરતા ધનવંતરાય જમનાદાસ ચોકસી (ઉ.વ.૭૯)એ ફરિયાદમાં જણાવ્યું કે તેઓ પુત્રની દિવાનપરા-૧૦માં આવેલી દુકાન પર ૩૦,૦૦૦ રૂપિયા આપવા જઈ રહ્યા હતા ત્યારે સ્પીડવેલ ચોક પાસેથી એક રિક્ષા રોકી બસ સ્ટેન્ડ જવા માટે કહ્યું હતું. રિક્ષામાં પહેલાંથી જ એક ડ્રાઈવર અને પાછળ બે વ્યક્તિ બેઠેલી હતી. રિક્ષા થોડી આગળ ગઈ કે એક વ્યક્તિએ ઊલટીનું બહાનુ કાઢતા રિક્ષાના ડ્રાઈવરે ધનવંતરાયને પોતાની બાજુમાં ડ્રાઈવિંગ સીટ પર બેસાડયા હતા. જો કે રિક્ષા બસ સ્ટેન્ડ તરફ લઈ જવાની જગ્યાએ વામ્બે આવાસના ક્વાર્ટરવાળા રસ્તે લઈ જતાં રિક્ષાના ચાલકને પૂછતાં તેણે ક્લચનો વાયર તૂટી ગયાનું અને રિપેરિંગમાં વાર લાગશે તેમ કહી વૃદ્ધને નીચે ઉતારી દીધા હતા.

# નશો કરવાની ટેવના કારણે ઘરમાં માથાકુટ કરતા કંટાળી ઢીમ ઢાળી દીધુંઃ ૪ની ધરપકડ

## મોરબીના રફાળેશ્વરમાં બે સગી ભાણેજે માસીની હત્યા કર્યાનો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રફાળેશ્વર ગામે એક મહિલાની હત્યા થયા હોવા મામલે બે મહિલા સહિત ચાર લોકો સામે ગુનો નોંધાયો છે. જેમાં મૃતક મહિલા દારૂ પીવાની ટેવ વાળી હોય, જેના કારણે અવારનવાર ઘરમાં તોફાન કરતી હતી. આ દરમ્યાન ઘરના મહિલા સભ્ય દ્વારા લાકડી વડે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડતાં તેમજ અન્ય સહઆરોપીએ દોરડું આપતા જેના વડે મહિલાને બાંધી રાખી લાકડીના ઘા મારતા, મહિલાનું મૃત્યુ નીપજ્યું હતું. આ સિવાય અન્ય મહિલાએ મૃતક મહિલાને બાંધેલ દોરડું સળગાવી પુરાવાનો નાશ કર્યો હતો. હાલ તાલુકા પોલીસે ચારેય આરોપીઓ સામે બીએનએસ કલમ ૧૦૩, જીપી એક્ટ તથા એટ્રોસીટી એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. મળતી માહિતી મુજબ, ગત તા.૨૩/૦૮ના સાંજે ૬૩૦ વાગ્યે રફાળેશ્વર ગામે ફરીયાદી કાંતાબેન ગાંડુભાઈ સોલંકી ઉવ.૭૫ રહે. રફાળેશ્વર, આંબેડકર હોલ વાળા એ આરોપી (૧)હિના લક્ષ્મણભાઈ રાઠોડ રહે. રફાળેશ્વર આંબેડકર હોલ પાછળ તા.જી.મોરબી, (૨)મનોજ ઉર્ફે મયુર રમેશભાઈ રાઠોડ રહે.પાનેલી નવા પ્લોટમાં તા.જી.મોરબી (૩)હુસૈનભાઈ ફીરોજભાઈ જુણેજા રહે. રફાળેશ્વર આંબેડકરહોલ પાછળ તા.જી.મોરબી તથા (૪)નર્મદાબેન લક્ષ્મણભાઈ રાઠોડ રહે. ઘનશ્યામપુર તા.હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદીની દિકરી લક્ષ્મી અવારનવાર દારૂ પીધેલી હાલતમાં ઘરમાં તોફાન કરતી હતી. અને દારૂ પી અવારનવાર માથાકુટ કરતી હોય જેથી ત્રાસી જઈને આરોપી નં.(૧)હિનાએ લાકડી વડે માથાના ભાગે તથા શરીરે માર મારી જીવલેણ ઈજાઓ કરેલ હોય તેમ છતા ફરીશ્રીની દિકરી લક્ષ્મી તોફાન કરતી હોય જેથી તેને બાંધવા માટે આરોપી મયુરે દોરડુ આપતા, આરોપી હિનાએ તથા આરોપી હુસૈને લક્ષ્મીને ખાટલામા સુવડાવી દોરડાથી બાંધી દિધેલ અને જ્યારે બીજીબાજુ બનાવમાં ઉપયોગ કરેલ દોરડુ આરોપી નર્મદાએ સળગાવી નાખી પુરાવાનો નાશ કરી એકબીજાની મદદ કરતા લક્ષ્મી મૃત્યુ પામી હતી, ત્યારે સમગ્ર બનાવ હત્યામાં પલટાતા તાલુકા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ હત્યા તથા એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

# ટંકારાના ઘુનડા ગામે ૧૫ લાખના ૭૮ લાખ આપવા છતાં વ્યાજખોરોનો ત્રાસ

## ખેતરની ઉપજ, ઘર સહિત વેચી રૂપિયા આપવા છતાં વ્યાજખોરે ચેક રિટર્નનો કેસ કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના ઘુનડા (સજનપર) ગામનો પરિવાર વ્યાજના વિષચક્રનો ભોગ બન્યા અંગે ટંકારા પોલીસ મથકમાં વ્યાજખોર શખ્સ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં પરિવારની મહિલાએ વ્યાજખોર શખ્સ વિરુદ્ધ પોલીસ સમક્ષ આક્ષેપ કર્યો છે કે તેમના દિકરાએ ૧૦% વ્યાજે લીધેલા રૂ.૧૫ લાખના કારણે આખો પરિવારે વ્યાજખોરીનો ભોગ બનવું પડયું હતું. દોઢ વર્ષ સુધી દર મહિને રૂ.૧.૫૦ લાખ વ્યાજ ચૂકવ્યા બાદ દિકરાનું અવસાન થયું, છતાં વ્યાજખોર શખ્સે પરિવાર ઉપર સતત દબાણ કરી અત્યાર સુધીમાં કુલ રૂ.૭૮ લાખ પડાવ્યા હતા. અને હજુ પણ સતત વ્યાજ અને મુદ્દલની પઠાણી ઉઘરાણી કરતા હોય. હાલ ટંકારા પોલીસે આરોપી વ્યાજખોર વિરુદ્ધ આઈપીસી ૩૮૪ તથા ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

આ અંગેની મળતી વિગતો મુજબ ટંકારા તાલુકાના ઘુનડા(સજનપર) રહેતા મુક્તાબેન ચંદુલાલ બરાસરા ઉવ.૫૫ એ ટંકારા પોલીસ મથકમાં આરોપી રમેશભાઈ દેવભાઈ જારીયા રહે.ઉમિયાનગર સોસાયટી રવાપર-ઘુનડા રોડ મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી મુક્તાબેનના દિકરા ધર્મેશે ધંધા માટે ડમ્પર ખરીદવા તથા માટીના કામ માટે આશરે ત્રણ વર્ષ પહેલા આરોપી રમેશભાઈ દેવજીભાઈ જારીયા પાસે રૂ.૧૫ લાખ ૧૦% વ્યાજે લીધા હતા. જેમાં ધર્મેશે દોઢ વર્ષ સુધી દર મહિને રૂ.૧.૫ લાખ મુજબ કુલ રૂ.૨૭ લાખ વ્યાજ ચુકવ્યા બાદ કેન્સરની બીમારીને કારણે અવસાન પામ્યો હતો. ત્યારબાદ પણ આરોપીએ પરિવાર પાસેથી વ્યાજની માંગણી ચાલુ રાખી હતી. ત્યારે પરિવારે કપાસના પાકનું વેચાણ કરીને મળેલા રૂ.૧૦ લાખ, જમાઈ પાસેથી લીધેલા રૂ.૪ લાખ સહિત મકાન વેચાણ ના આવેલ રૂપિયા માંથી અનેક વખત અલગ-અલગ હપ્તામાં કુલ રૂ.૭૮ લાખ આપ્યા હોવા છતાં સતત દબાણ કરી આરોપી રમેશભાઈએ ચેક પણ લઈ લીધા અને વારંવાર મોબાઈલ પર ફોન કરીને પઠાણી-ઉઘરાણી કરતા હતા, વધુમાં વ્યાજખોર દ્વારા ચેક રિટર્નનો કેસ પણ કર્યો હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલ ટંકારા પોલીસે આરોપી સામે આઈપીસી અને મની લેન્ડર્સ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જસદણમાં પ્રેમીના ત્રાસથી કંટાળી પરિણીત પ્રેમિકા ઉંદર મારવાની દવા પી ગઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણમાં પતિ તેમજ સંતાનથી અલગ થઈ બહેનપણીના ઘેર રહેતી ૨૧ વર્ષીય હિના સાહિલભાઈ કાળવાતરે જસદણમાં આવેલા બગીચામાં જઈ ઉંદર મારવાની દવા પી લેતાં તેને સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવી હતી. હોસ્પિટલના બિછાનેથી હિનાએ જણાવ્યું કે તેના લગ્ન ચાર વર્ષ પહેલાં થયા હતા અને તેને સંતાનમાં એક પુત્ર પણ છે. જો કે પતિ અને સાસરિયાના ત્રાસથી હિના તેની બહેનપણીના ઘેર ચાલી ગઈ હતી જ્યાં ચાર મહિનાથી રહેતી હોય તેનો પરિચય હિતેશ નામના યુવક સાથે થયો હતો. આ પછી બન્નેનો સંબંધ આગળ વધ્યો અને હિતેશે લગ્ન કરી લેશે તેવું વચન આપી શોષણ કર્યું હતું. થોડા દિવસ પહેલાં હિતેશે જમીન ખરીદવા માટે આઠ લાખ રૂપિયા ઘરેથી લીધા હોય તે પૈસા હું ઓળવી ગયાનો આક્ષેપ કરી હિતેશ અને તેના પરિવારજનો દ્વારા ત્રાસ અપાતો હોય આખરે હિનાએ દવા પી લીધી હતી. હિના પાસેથી પોલીસે એક ચિઠ્ઠી પણ કબજે કરી હતી જેમાં તેણે પ્રેમી હિતેશ સામે આક્ષેપ કર્યા હતા.

# રાજકોટ જીલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ગણેશ મહોત્સવ નિમિતે મુર્તિ વિસર્જન અંગેના આદેશો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આગામી ગણેશ મહોત્સવ નિમિતે થનારા મુર્તિ વિસર્જનથી પર્યાવરણની જાળવણી કરવા, જળસ્ત્રોતોમાં પ્રદુષણ થતું અટકાવવા તેમજ જાહેર સુલેહ શાંતિ અને કાયદો-વ્યવસ્થાની જાળવણી તથા જળસૃષ્ટિ પર થતી વિપરીત અસર અટકાવવાના હેતુસર રાજકોટના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.કે.ગૌતમ દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૭/૦૯/૨૦૨૫ સુધી જાહેર કરેલા આદેશો મુજબ, સક્ષમ સતાધિકારીની પુર્વ મંજુરી વગર ગણેશ વિસર્જન કે અન્ય ધાર્મિક સરઘસ કાઢવું નહીં, સક્ષમ સ્થાનિક સતામંડળએ મુર્તિ વિસર્જન માટે સુનિશ્ચિત કરેલ સ્થળ સિવાયની કોઈ પણ જગ્યાએ મુર્તિ વિસર્જન કરવું નહીં, પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા જળસ્ત્રોત જેવા કે, ડેમ, તળાવ, નદી, કુવામાં મુર્તિ વિસર્જન કરવું નહીં, મુર્તિ વિસર્જન માટે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ, કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદુષણ કરવું નહીં.

સ્થાનિક વહીવટીતંત્ર પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતને, સંસ્થાને, ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને, કોઈ લગ્નના વરઘોડાને સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને તથા કોઈ સ્મશાન યાત્રાને રોકવામાં આવશે નહીં. આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત સિવાયનો રાજકોટ ગ્રામ્ય જીલ્લાનો તમામ વિસ્તારમાં અમલ કરવામાં આવશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ગણેશ મહોત્સવ નિમિત્તે રાજકોટ શહેરમાં નિયત કરાયેલી જગ્યાઓ પર જ ગણેશ વિસર્જન કરવાનું રહેશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ-૨૦૨૫ નિમિત્તે રાજકોટ શહેરમાં જુદા જુદા મહારાષ્ટ્રીયન મંડળો તથા ધાર્મિક સંગઠનો તરફથી વિવિધ લતાઓમાં તેમજ મહોલ્લાઓમાં અને લોકો પોતાના ઘરમાં, દુકાનોમાં અને સંસ્થાઓમાં પણ ભગવાનશ્રી ગણેશજીની મુર્તીઓની સ્થાપના તા.૨૭/૦૮/૨૦૨૫ થી કરશે. આ સ્થાપના કરેલ ગણપતિજીની મુર્તીઓને અમુક ભાવિકો ત્રીજા દિવસે, પાંચમા દીવસે, સાતમા દિવસે, નવમાં દિવસે, તેમજ ખાસ કરીને અગીયારમાં દિવસે એટલે કે, તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ પુજન, અર્ચન બાદ પાણીમાં પધરાવી વિસર્જન કરે છે અને ગણેશજીની મુર્તિ વિસર્જન કરવા જતી વખતે રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ધાર્મીક સરઘસો કાઢવામાં આવે છે.

જેને અનુલક્ષીને રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ગણેશ મહોત્સવ નિમિત્તે મૂર્તિ વિસર્જન દરમ્યાન વાહન ચાલકો, રાહદારીઓ તેમજ મહોલ્લામાં રહેતા રહીશોને કોઇ પણ રીતે ત્રાસ કે તકલીફ ન થાય, પર્યાવરણની જાળવણી થાય, જળ સ્ત્રોતોમાં પ્રદુષણ અટકે, જળ સૃષ્ટિ પર કોઇ વિપરીત અસર ન થાય, જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ગણેશ મુર્તિ વિસર્જન માટે રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝા તથા ચીફ ફાયર ઓફીસર, રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા નીચે જણાવેલ સ્થળો ગણપતિજીની મુર્તી વિસર્જીત કરવા માટે સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

આ સ્થળોએ જ ગણેશજીની મુર્તિ વિસર્જન કરવાની રહેશે. આજી ડેમ ઓવર ફ્લો નીચે ચેક ડેમ પાસે ખાણ નં. ૧, આજી ડેમ ઓવર ફ્લો નીચે ચેક ડેમ પાસે ખાણ નં. ૨, આજી ડેમ ઓવર ફ્લો ચેક ડેમ, પાળ ગામ, જખરાપીરની દરગાહ પાસે, મવડી ગામથી આગળ, ન્યારાના પાટીયા પાસે ન્યારા રોડ, ખાણમાં જામનગર રોડ,બાલાજી વેફર્સની સામે, વાગુદડ પાટીયા પછીના પુલ નીચે કાલાવડ રોડ, રાજકોટ.

આ આદેશો મુજબ આગામી તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૦૭/૦૯/૨૦૨૫ દરમ્યાન સક્ષમ સત્તાધિકારીની પુર્વ મંજુરી વગર ગણેશ વિસર્જનના ધાર્મિક સરઘસ કાઢવા ઉપર તથા કોઇ પણ આયોજક/વ્યકિતઓએ આર.એમ.સી દ્વારા નક્કી કરેલ સ્થળો સિવાય પીવાના પાણી અન્ય વપરાશ માટે ઉપયોગમાં લેવાતા જળસ્ત્રોત જેવા કે, ડેમ, તળાવ, નદી, કુવામાં કે અન્ય કોઇ સ્થળોએ ગણેશજીની મુર્તિ કે અન્ય કોઈ મૂર્તિ વિસર્જન કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે, મુર્તિને સુશોભિત કરેલ હાર, ફુલ, વસ્ત્રો તેમજ અન્ય તમામ વસ્તુઓને કાઢી લીધા બાદ જ મુર્તિઓનું વિસર્જન કરવાનું રહેશે, મુર્તિ વિસર્જનવાળી જગ્યા તળાવો, ખાણ તથા નદીમાં સિન્થેટીક લાઇનર (પાથરવાનું કપડું) ગોઠવવાનું રહેશે, મુર્તિ વિસર્જનવાળી જગ્યા તળાવ, ખાણ તથા નદીમાં સિન્થેટીક લાઇનર રાખવામાં આવેલ હોય તેને મુર્તિ વિસર્જન બાદ ૪૮ કલાક પહેલા વિસર્જીત થયેલ મુર્તિ સાથે બહાર કાઢી લેવાનું રહેશે અને તળાવો, ખાણ તથા નદીમાં લાઇમ (ફટકડી) નાખી ચોખ્ખાઇ જળવાઇ તે અંગે કાર્યવાહી હાથ ધરવાની રહેશે. ગણેશજીની મુર્તિની વિસર્જન યાત્રા દરમ્યાન જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ ઉપર તેમજ વાહનોમાં આવતા-જતા માણસો ઉપર કે મકાનો/મિલ્કત ઉપર કે ત્યાં હાજર રહેલા માણસો ઉપર કોઇ પણ પ્રકારના રંગો કે પાઉડરને છૂટા પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રિત કરી ઉડાડવા/છાંટવા કે ફેંકવા ઉપર પ્રતિબંધ રહેશે. ધ્વનિ પ્રદુષણ અંગેના માન્ય ધોરણો મુજબ જ ગણેશ સ્થાપના સ્થળે તેમજ વિસર્જન દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, સીસ્ટમનો ઉપયોગ કરવાનો રહેશે, ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ સ્થાપના સ્થળો ખાતે મંડપો એક દિવસ કરતા વધુ દિવસ સુધી રાખવા ઉપર, મુર્તિઓને વિસર્જન કર્યા બાદ પાણીમાંથી બહાર કાઢી પરત લઇ જવા ઉપર, ગણેશ મહોત્સવ દરમ્યાન/ગણેશ વિસર્જન દરમ્યાન બિભત્સ ફિલ્મી ગીતો કે ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત કે સંગીત કે ભાષણો કે પ્રવચનો વગાડવા ઉપર તથા ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર કરવા ઉપર, કોઇ પણ ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા ડેકોરેશન કરવા બાબતે તથા જાહેર માર્ગ ઉપર સામાન્ય ટ્રાફિકને અડચણ કરવા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

સ્થાનિક વહીવટીતંત્ર પાસેથી સરઘસ યોજવા અંગેની જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતઓ, સંસ્થાઓને, સરકારી ફરજ પર હોય અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ, હોમગાર્ડ કે ગ્રામ રક્ષક દળના સભ્યો, અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને, સ્મશાન યાત્રા તથા લગ્નનાં વરઘોડાને આ હુકમો લાગુ પડશે નહી

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૭/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૭/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી આ આદેશો અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટના નાસતા ફરતા ત્રણ આરોપીઓને કોર્ટ સમક્ષ હાજર થવા ફરમાન

## ત્રણેય આરોપી સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સજાપાત્ર ગુનો કર્યા પછી નાસતા ફરતા ફોજદારી કેસના ત્રણ આરોપીઓને કોર્ટ સમક્ષ હાજર થવા ૧૮મા અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એ.આર. સોનીએ ફરમાન જારી કર્યું છે.

કોર્ટ દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં જણાવાયું છે કે, બી ડિવિઝન પોલીસ સ્ટેશનના આરોપીઓ વિજય પ્રેમજી ચાવડા (રહે. કાનાભાઈ નામ.પરા, આંબેડકર નગરનો ખુણો, રાજકોટ), રાજુભાઈ બાવનજીભાઈ સોલંકી (રહે. સર્વોદય સોસાયટી, શેરી નં.૩, રાજકોટ) અને રામજીભાઈ ગેલાભાઈ પારઘી (રહે. ખોડિયાર પરા-૧, કાનાભાઈના મ.પરા, રાજકોટ) સામેના કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. આ આરોપીઓના સરનામે વારંવાર તપાસ કરવા છતાં તેઓ મળી આવતા નથી અને તેઓની સામેનું વોરંટ પેન્ડિંગ છે. આથી તેઓને કોર્ટ સમક્ષ હાજર થવાનું ફરમાન કોર્ટ દ્વારા જારી કરવામાં આવ્યું છે.

# ત્રિનેત્રેશ્વર મહાદેવનું પૂજન અર્ચન કરી તરણેતર લોકમેળાનો શુભારંભ કરાવતાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા

## ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે પોસ્ટ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા વિશિષ્ટ આવરણ લોન્ચ કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કંકુવરણી ભોમકામાં પ્રતિવર્ષ યોજાતા અને પાંચાળની લોક સંસ્કૃતિને ઉજાગર કરતા જગ વિખ્યાત તરણેતરના લોકમેળાનો આજથી શુભારંભ થયો છે. નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, ધારાસભ્ય સર્વે શામજીભાઈ ચૌહાણ, પ્રકાશભાઈ વરમોરા, જિલ્લા કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.યાજ્ઞિક, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ સહિતના મહાનુભાવોએ ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન કરી લોકમેળાનો શુભારંભ કરાવ્યો હતો.

તરણેતર લોકમેળાને ખુલ્લો મુક્યો બાદ નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક વિરાસતનો સમૃધ્ધ વારસો ધરાવતા સુરેન્દ્રનગર જિલ્લાના પાંચાળ પ્રદેશમાં યોજાતા તરણેતરના લોકમેળામાં પ્રતિવર્ષ માત્ર ગુજરાતમાંથી જ નહી પરંતુ સમગ્ર દેશમાંથી અનેક શ્રધ્ધાળુઓ આવે છે. આ લોકમેળાનું અનેરૂ મહાત્મ્ય રહેલું છે, તેને ધ્યાને લઈ જિલ્લા વહીવટી તંત્ર અને પંચાયત વિભાગ દ્વારા આ મેળામાં આવતા લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે પ્રકારનું સુચારુ આયોજન કાર્ય કરવામાં આવ્યું છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતુ કે, આ મેળો આસપાસના ગામના લોકો માટે રોજગારીનું, સાંસ્કૃતિક વિરાસતની જાળવણીનું, કલાકારો માટે કલાના પ્રદર્શનનું અને હળવા મળવાનું, ફરવાનું એક શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડે છે. મેળામાં મહાલવા સાથે સ્વચ્છતા જાળવવા જિલ્લા વહીવટી તંત્રને સહયોગ કરવા, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા પણ તેમણે ભારપૂર્વક અપીલ કરી હતી.

આ તકે ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે પોસ્ટ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવતું વિશિષ્ટ આવરણ લોન્ચ કરાયું હતું. ત્રિનેત્રેશ્વર મહાદેવના પુજન-અર્ચન બાદ નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, સર્વ ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ, પ્રકાશભાઈ વરમોરા, જિલ્લા કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલ સહિતના મહાનુભાવોએ પશુપાલન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલ પશુ પ્રદર્શનને રીબીન કાપી ખુલ્લા મુકયા હતા. બાદમાં તરણેતર લોકમેળાના મેળાના આકર્ષણ સમા ગ્રામીણ ઓલિમ્પિક અને વિસરતા વારસાનું જતન અને સંવર્ધન માટે મેળામાં યોજાયેલી દ્વિતીય પારંપારિક સાંસ્કૃતિક સ્પર્ધાઓનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ચોટીલા નાયબ કલેક્ટર હરેશ મકવાણા, પ્રાંત અધિકારી સર્વ હર્ષદીપ આચાર્ય, કુલદીપ દેસાઈ, તરણેતર સરપંચ અશોકસિંહ રાણા, પદાધિકારીઓ, અગ્રણીઓ સહિત સંબધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન મોદીના આગમન સમયે ફરજ દરમ્યાન જીવ ગુમાવનાર મહિલા કર્મીઓના પરિવારને વળતર આપોઃ તુષીત પાણેરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા.૨૫/૦૮/૨૦૨૫ ના રોજ અમદાવાદ ના નિકોલ વિસ્તાર મા પીએમ નરેન્દ્ર મોદી નો રોડ શો અને જાહેર સભા નો કાર્યક્રમ હતો , જેમાં ગાંધીનગર સાયબર સેલ મા મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા વિરલ બેન રબારી અને ૧૦૮ કોલ સેન્ટર ના કર્મચારી હિરલ બેન રાજગોર પીએમ ના કાર્યક્રમ ની બંદોબસ્ત ડ્યુટી માથી એક્ટિવા લઈને પરત ફરી રહ્યા હતા , ત્યાં કઠવાડા વિસ્તાર ના દાસ્તાન સર્કલ પાસે એક બેફામ દોડતા ડમ્પર ચાલકે એક્ટિવા ને જોરદાર ટક્કર મારતા આ બન્ને મહિલા કર્મીઓ ફંગોળાઈ ને નીચે પછડાયા , અકસ્માત બાદ ડમ્પર ચાલક ફરાર થઈ ગયો , લોકો ના ટોળા એકઠા થઇ ગયા અને ૧૦૮ બોલાવી બન્ને મહિલા ને નજીક ની ખાનગી હોસ્પિટલ મા લઈ ગયા પરંતુ ત્યાં પૂરતી સારવાર મળે તે પહેલા જ બન્ને નું દુઃખદ નિધન થયું.

રબારી સમાજ અને બ્રાહ્મણ સમાજ ની આ બન્ને દીકરીઓ એ તેમની ફરજ નિષ્ઠા પૂર્વક નિભાવતા ઓન ડ્યુટી અકસ્માતે પોતાનો જીવ ખોયો છે ત્યારે રાજ્ય સરકાર તરફથી બન્ને મૃતક મહિલા કર્મીઓ ના પરિવારજનો ને સન્માન રાશિ પેટે રૂપિયા પચ્ચીસ લાખ અને પરિવાર માથી કોઈ એક સભ્ય ને કાયમી સરકારી નોકરી આપવા મે સીએમઓમા સૌરાષ્ટ્ર કચ્છના કોંગ્રેસના પ્રવકતા તુષીત પાણેરીએ ટેલિફોનીક રજૂઆત કરી હતી છે. તેઓએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર પણ પોતાના કર્મચારીઓ પ્રત્યે થોડી માનવતા અને સંવેદના દાખવે તેવી અપેક્ષા.

# રાજકોટ જિલ્લામાં ૩૧ ઓગસ્ટ સુધીમાં છૂટાછવાયા મધ્યમ વરસાદની શક્યતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તા. ૨૭થી ૩૧ ઓગસ્ટ દરમિયાન છૂટાછવાયા વિસ્તારમાં મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજકોટ જિલ્લામાં ૨૭થી ૩૧ ઓગસ્ટ દરમિયાન ભેજવાળું અને વાદળછાયું હવામાન રહેવાની શક્યતા છે. આ સાથે છૂટાછવાયા વિસ્તારમાં મધ્યમ વરસાદ વરસી શકે છે.

આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧ થી ૩૩ ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ તાપમાન ૨૩-૨૪ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે. જ્યારે મહત્તમ ભેજનું પ્રમાણ ૮૫-૯૦ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૮૦-૮૦ ટકા રહી શકે છે. પવનની દિશા પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૧૭થી ૧૯ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

# બેંકમાં કોટેશન આપી મશીન ડીલીવરીના બે અલગ અલગ ઈ-વે બીલ બનાવી ઠગાઈ કર્યાની ફરિયાદ

## ગુજરાત ગ્રામીણ બેંક સાથે હર્ક્યુલીન ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારોની ૧૦ લાખની છેતરપીંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર કેકેવી હોલ પાસે આવેલી ગુજરાત ગ્રામીણ બેંકમાં હકર્યુલીન ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારોએ કોટેશન આપી મશીન ડિલેવરીના બે અલગ અલગ ઈ-વે બીલ બનાવી રૂા. ૧૦ લાખની લોન લીધી હતી. બાદમાં જે રૂપિયા પરત નહીં કરી છેત્તરપીંડી આચરી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલા મનહરપ્લોટમાં રહેતા અને ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર કેકેવી હોલ પાસે આવેલી ગુજરાત ગ્રામીણ બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવતા રવિભાઈ ભરતભાઈ ગોહેલએ રાજકોટ તાલુકા પોલીસ મથકમાં અમરેલીના કમિગઢ ગામના હિરેનભાઈ ધનજીભાઈ સરખેડી, રાજકોટના ચિરાગભાઈ વિનુભાઈ વઘાસિયા અને અંકુરભાઈ મોહનભાઈ બોરડ વિરુદ્ધ છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે. અને ફરિયાદમાં જણાવ્યું હતું કે, હિરેનભાઈ સરખેડી બેંકના લોન ધારક હોય અને ચિરાગભાઈ વઘાસિયા અને અંકુરભાઈ બોરડ હકકર્યુલીન ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર હોય જેમની ઈન્ડસ્ટ્રીઝના નામનો બેંકમાં કોટેશન આપી હિરેનભાઈ સરખેડીએ બેંકમાંથી રૂા. ૧૦ લાખની મશીનરી ઉપર લોન લીધી હતી અને જે રૂપિયા હકર્યુલીન ઈન્ડસ્ટ્રીઝના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતાં. ત્રણ મહિના સુધી મશીન ડિલીવર ન કરતા ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજરે તપાસ કરતા હકર્યુલીન ઈન્ડસ્ટ્રીઝ નામના એક જ નામના મશીન ડિલિવરીના બે અલગ અલગ ઈ-વે બીલો બનાવડાવી રૂા. ૧૦ લાખ ઓળવી જઈ છેતરપીંડી આચરી હોવાનું નોંધાવ્યું હતું. ફરિયાદના આધારે તાલુકા પોલીસના પીએસઆઈ એસ.પી. ચૌહાણ સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલ તાલુકા પાસેનું કબીર સરોવર ૯૦ ટકા ભરાતા હાઈ એલર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકા પાસે આવેલું કબીર સરોવર ૯૦ ટકા ભરાઈ જતાં હાઈ એલર્ટ સાથે ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે કે, આ યોજના પૂર્ણ સપાટીએ ભરાતા પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં કોઈએ અવરજવર કરવી નહીં. ગોંડલ તાલુકાના દૈયા ગામ સાથે ચરખડી, કોલીથડ, લુણીવાવ, પડવાલા, વેજાગામ, ગરનાળા, ત્રાકુડા ગામો માટે ખાસ ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે. ડેમની પૂર્ણ જળ સપાટી ૩૨.૪૫ મીટર છે. જ્યારે ડેમ હાલ ૩૨.૨૫ મીટર ભરાયેલો છે. ડેમમાં હાલ જળની આવક ૭૧૯ ક્યુસેક છે.

## વિરાટ કોહલીએ ચેતેશ્વર પૂજારાને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવીઃ તમે મારું કામ સરળ બનાવી દીધું

વિરાટ કોહલીએ હવે તેના સાથી ખેલાડીને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે. વિરાટ કોહલીએ પૂજારાની નિવૃત્તિ પર ખૂબ જ ખાસ વાત કહી. તેણે ઈન્સ્ટાગ્રામ પર પોતાનો અને પૂજારાનો ફોટો પોસ્ટ કર્યો અને લખ્યું કે તમે મારું કામ સરળ બનાવી દીધું. ટીમ ઈન્ડિયાના અનુભવી ખેલાડી વિરાટ કોહલીએ ચેતેશ્વર પૂજારાની નિવૃત્તિ બાદ તેની કારકિર્દીને સલામ કરી.

# નવા થોરાળામાં મકાન પચાવી પાડવા ભત્રીજાએ મિત્ર સાથે મળી કાકાને માર માર્યો

## માધાપર ચોકડી પાસે ૫૦૦ રૂપિયાની ઉઘરાણીમાં આધેડ ઉપર બે મિત્ર છરી વડે તૂટી પડયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા થોરાળા વિસ્તારમાં આવેલી સર્વોદય સોસાયટીમાં રહેતાં આધેડનું હું મકાન મકા પચાવી પાડવા ભત્રીજાએ મિત્ર સાથે મળી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા આધેડને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, નવા થોરાળા વિસ્તારમાં આવેલી સર્વોદય સોસાયટીમાં રહેતાં પરેશભાઈ પુંજાભાઈ મકવાણા (ઉ.૫૦) રાત્રીનાં ૧૧ વાગ્યે પોતાના ઘર પાસે હતા ત્યારે તેના ભત્રીજા તુષાર અને તુપારના મિત્ર હિગુએ ઝઘડો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. આધેડને ઈજા પહોંચતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. પ્રાથમિક તપાસમાં પરેશભાઈ મકવાણાનું મકાન પચાવી પાડવા અગાઉ પણ ભત્રીજાએ ચાર થી પાંચ વખત માર માર્યો હતો અને ફરી મિત્રો સાથે મળી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

બીજા બનાવમાં કોઠારીયા સોલવન્ટ ૨૫ વારીયા કવાર્ટરમાં રહેતાં મનોજભાઈ લાખાભાઈ વારા (ઉ.૫૩)એ મિત્ર સનીને આપેલા રૂપિયા પાંચ હજાર ઉઘરાણી માટે માધાપર ચોકડીએ ગયા હતાં ત્યારે મિત્ર સની અને મમાએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા આધેડને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જાહેરમાં કાયદો હાથમાં લઈ બઘડાટી કરનારનો વરઘોડોઃ પોલીસે કરાવ્યું રિકન્ટ્રકશન

## જૂની અદાવતમાં પથ્થરમારો-સોડા બોટલના ઘા કર્યાની સામસામી ૧૪ શખ્સો સામે ફરિયાદ; ઘટનાને પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધારમાં પાણીના ટાંકા પાસે સરાજાહેર બે પક્ષો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં છરી વડે હુમલો કરી પથ્થરમારો કરાયો હતો. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો હતો. પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી ઘટનામાં સંડોવાયેલા ૧૨ શખ્સોને ઉઠાવી લઈ ઘટનાનું રિકન્ટ્રક્શન કરાવ્યું હતું. વધુ વિગતો મુજબ, રૈયાધારે મચ્છુનગરમાં રહેતા રોહીતભાઈ ઉર્ફે પિયુષ પરેશભાઈ ડાભી (ઉ.૨૩)એ મનીષભાઈ બીજલભાઈ ભોણીયા, લાલાભાઈ બીજલભાઈ ભોણીયા, રાજેશભાઈ બીજલભાઈ ભોણીયા, પ્રતાપભાઈ બટુકભાઈ ભોણીયા, વિપુલભાઈ મુકેશભાઈ દુધરેજીયા, અજયભાઈ બટુકભાઈ ભોણીયા, સંજય મનીષભાઈ ભોણીયા અને અલ્લાઉદીન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

રોહિતે ફરિયાદમાં જણાવ્યુ હતું. કે, આજથી ચારેક વર્ષ પહેલા મારા પિતા પરેશભાઈને રૈયાધારમાં સામાવાળા પંકજભાઈ વીનુભાઈ સોલંકી તેમજ અજાણ્યા માણસો સાથે માથાકુટ તથા મારામારી થતા તેમના વિરુધ્ધ પોલીસમા ફરિયાદ થઈ હતી અને કોર્ટ મેટર થયેલ જેમા વખતો વખત કોર્ટ કેસમા તારીખો પડેલ અને આજદીન સુધી કોર્ટ કેસ ચાલુ હોય જેમાં પંકજભાઈ વીનુભાઈ સોલંકીના સગા મનીપ ભોણીયાના ઘર પાસે રૈયાધાર રાણીમા ડીમાના ચોક પાસે મારા પિતા બપોરના બે થી અઢી વાગ્યાના અરસામાં તેમના ઘર પાસે જાહેરમા હાથ ઉંચા કરી ગાળો બોલતા જતા હોય જે બાબતે આ મનીપને પસંદ ના પડતા રાણીમા રૂડીમા ચોકમા મિત્રની રાહ જોતો હોઈ તે દરમિયાન બે રીક્ષામા આરોપીઓ આવ્યા અને કહ્યું કે તારા પિતા મારા ઘર પાસે ફરી પાછા ગાળો બોલી ગયેલ હોય તમારે ડખ્ખો જ કરવો હોય તો થઈ જાય તેમ કહી મને ગાળો આપી અને તેની સાથે રીક્ષામા આવેલ અને કહેલ કે, તમારે લપ કરવી જ છે? તેમ કહી તેના પેન્ટના નેફામાથી છરી કાઢી એક ઘા મરવા જતા હુ ખસી જતા મને ઘસરકો પડેલ અને મે આ મનીપભાઈને કહેલ કે આમા મારો વાંક નથી તેમ કહેલ અને મને તથા મારા પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો આપવા લાગતા હું મારૂ એક્સેસ ત્યા ચોકમા મુકી અટલ સરોવર રોડ બાજુ મારા પગમા સળીયા હોવા છતા દોડીને જતો રહ્યો હતો. તે દરમ્યાન રૈયાધારના પાણીના ટાંકા પાસે મારો સગો નાનો ભાઈ રૂત્વીક તથા મારા પિતા તથા મારા મીત્રોને ખબર પડી જતા આ સામાવાળાઓએ અમો બધા ઉપર તેમની રીક્ષામાથી ધારીયા તથા છરી એક હાથમા લઈ બીજા હાથથી અમો બધા ઉપર જાહેર રોડમા માણસોની અવર જવરમા પથ્થરો તેમજ કાચની બોટલોના છુટા ઘા કરવા લાગતા ત્યા હાજર રહેલ મારો મીત્ર અરમાન ઉર્ફે અનુ ચમનભાઈ સોઢાને ડાબા પગે ગોઠણના ભાગે એક છુટો ઘા વાગી જતા મુંઢ ઈજા થયેલ અને જાહેરમાં આ પથ્થરો વાળી થતા કોઈએ પોલીસ ને તેમજ ૧૦૮ ને ફોન કરી દેતા તે આવી જ તા મને તથા આ અરમાન ઉર્ફે અનુને ૧૦૮મા સરકારી હોસ્પીટલ ખાતે લઈ ગયા હતા. જ્યારે સામાં પક્ષે મનીષભાઈ બીજલભાઈ ભોણીયાની ફરિયાદ પરથી રોહીતભાઈ ઉર્ફે પિયુષ પરેશભાઈ ડાભી, તેનો ભાઈ ભવદીપ ઉર્ફે હાડો પરેશભાઈ ડાભી, તેનો ભાઈ રૂત્વીક પરેશભાઈ ડાભી, તેના પિતા પરેશભાઈ પુનાભાઈ ડાભી,પીયુપના ફઈના દીકરા લાલજીભાઈ નગીનભાઈ ચૌહાણ અને તેનો મીત્ર અરમાન ઉર્ફે અનુ ચમનભાઈ સોઢા સામે ફરિયાદ નોંધાવી હતી. મનિષે જણાવ્યું કે અગાઉની ફરિયાદનો ખાર રાખી આરોપીઓએ ઘાતક હથિયારો પાઈપ અને ધોકા રાખી ગેરકાયદે મંડળી રચી રાજેશે ધમકી આપી કે હજુ તો એક વખત તારા આંગળા કાપ્યા છે બીજી વખત તને તારા પરિવારને જીવવા નહીં દવ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.તેમજ આરોપીઓએ સોડા બોટલના અને પથ્થરના ઘા કર્યા હતા. આ સમગ્ર ઘટનામાં લગભગ છ વ્યક્તિ ઘવાયા હતા. હાલ યુનિવર્સિટી પોલીસે ૧૨ શખ્સોને પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી ઘટનામાં સંડોવાયેલા ૧૨ શખ્સોને ઉઠાવી લઈ ઘટનાનું રિકન્ટ્રકશન કરાવ્યું હતું.

# ટ્રાફિક શાખાના DCP તરીકે ચાર્જ સંભાળતા ડો. હરપાલસિંહ જાડેજા

## ધ્રોલના ખીજડિયાના વતની હરપાલસિંહ જાડેજા જામનગર જીજી હોસ્પિટલમાં ૭ વર્ષ સુધી આપી ચુક્યા છે તબીબ સેવા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ટ્રાફીક ડીસીપીની પોસ્ટ પર બીજા ડીસીપી તરીકે ડૉ.હરપાલસિંહ જાડેજાએ ચાર્જ સંભાળ્યો છે ટ્રાફીકનાં પ્રથમ ડીસીપી પુજા યાદવની ડાંગ ખાતે બદલી થતા તેમનાં સ્થાને એસઆરપી ગ્રુપનાં કમાન્ડન્ટ ડો. હરપાલસિંહ જાડેજાને પોસ્ટીંગ અપાયુ હતુ. મુળ ધ્રોલ તાલુકાનાં ખીજડીયા ગામનાં વતની ડો. હરપાલસિંહ જાડેજાએ ૭ વર્ષ સુધી જામનગરની જીજી હોસ્પીટલ ખાતે તબીબ તરીકે ફરજ બજાવી છે. ટ્રાફિક શાખાનાં ડીસીપી તરીકે ચાર્જ સંભાળનાર ડો. હરપાલસિંહ જાડેજા તબીબ બન્યા બાદ જીપીએસસીની પરીક્ષા પાસ કરી પોલીસ વિભાગમા ડીવાયએસપી તરીકે નીમણુંક પામ્યા હતા તેમણે અગાઉ ડીવાયએસપી તરીકે છોટા ઉદેપુર ત્યારબાદ જુનાગઢનાં માંગરોળ અને બાદમા રાજકોટ જીલ્લાનાં ગોંડલ ખાતે ડીવાયએસપી તરીકે ફરજ બજાવ્યા બાદ તેમને એસપી તરીકેનુ પ્રમોશન મળતા એસઆરપી ગ્રુપ ગાંધીનગર અને ત્યારબાદ એસઆરપી ગ્રુપ વડોદરા ખાતે કમાન્ડન્ટ તરીકે ફરજ બજાવી છે તાજેતરમાં રાજય સરકાર દ્વારા ૧૦૫ આઈપીએસની બદલીનાં હુકમ કરવામા આવતા રાજકોટ ટ્રાફીક શાખાનાં ડીસીપી પુજા યાદવની આહવા ડાંગ ખાતે બદલી કરવામા આવી હોય અને તેમનાં સ્થાને વડોદરા એસઆરપી જુથનાં કમાન્ડન્ટ ડો. હરપાલસિંહ જાડેજાને પોસ્ટીંગ આપવામા આવ્યુ હતુ આજે તેમણે ટ્રાફીક શાખાનાં બીજા ડીસીપી તરીકે ચાર્જ સંભાળ્યો છે શહેરની વધતી જતી ટ્રાફીક સમસ્યાને લઈને નાગરીકોને ટ્રાફીક સમસ્યાનો ભોગ ન બનવુ પડે તેવા પ્રયાસો કરવામા આવશે તેમ ટ્રાફીક શાખાનાં ડીસીપી ડો. હરપાલસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં દુંદાળા દેવનું આગમન







તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ગણેશ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થયો છે. દસ દિવસીય ગણેશોત્સવનું સમાપન તા.૬ઠ્ઠી સપ્ટેમ્બરના થશે. આજે ગણેશ ચતુર્થી હોવાથી વાજતે ગાજતે ઢોલ નગારા સાથે શુભ મુહૂર્તે ગણપતિનું પંડાલોમાં તથા લોકોએ પોતાના ઘરમાં સ્થાપન કરાવેલ છે. આજ સાંજથી ગણપતિ દાદાની સમૂહ આરતી તથા પ્રસાદ વિતરણ શરૂ થઈ જશે. લોકો દસ દિવસ દરમ્યાન ગણપતિ દાદાના દર્શન-વંદનનો લાભ લેશે. રાજકોટમાં વિવિધ વિસ્તારોમાં ગણેશ ઉત્સવની ઉજવણી અર્થે પંડાલોમાં ગણેશજીને સ્થાપિત કરાયા છે. આમ સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં દસ દિવસ ગણપતિનો ગગનભેદી નાદ ગુંજી ઉઠશે. રાજકોટમાં ત્રિકોણબાગ કા રાજા, સર્વેશ્વર ચોક, યુનિવર્સિટી રોડ પર આવેલા જે.કે.ચોક તેમજ ભાજપ દ્વારા રેસકોર્ષ ખાતે સ્થાપવામાં આવેલી વિઘ્નહર્તા ગણપતિ દાદાની મુર્તિએ શહેરીજનોમાં વિશેષ આકર્ષણ જગાવ્યું છે. આજે જુદીજુદી સંસ્થાઓ અને મંડળો દ્વારા વાજતેગાજતે ઢોલનગારા સાથે પંડાલમાં દાદાનું સ્થાપન કરાયું હતું.

# જસદણ પંથકમાં બાંધકામની સાઈટ પરથી માલસામાનની ચોરી કરતા ત્રણ શખ્સો ઝડપાયા

## જેતપુરના ખીરસરા ગામે જુગાર રમતા સાત પત્તાપ્રેમીઓની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણની આસપાસના ગામોમાં જેટકો કંપનીની બાંધકામ સાઈટો પરથી માલ-સામાનની ચોરી થતી હોવાની ફરીયાદના પગલે જસદણ પોલીસે મહેન્દ્રા પીકઅપ ગાડીમાં ચોરાઉ મુદ્દામાલ સાથે ત્રીપુટીને દબોચી લઈ રૂ.૩.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ જસદણ પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઇ એસ.આર.ગોહિલની સુચનાથી પીએસઆઇ એમ.ડી.વાઘેલા, એએસઆઇ જે.ડી.મજેઠીયા, હેડ કોન્સ. એસ.વી.તલસાણીયા સહિતનો સ્ટાફ જસદણના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે અગાઉ જેટકોના નાયબ ઇજનેરએ ગઇ તા.૫-૮ના રોજ જસદણના ગઢડીયા રોડ પર આવેલ હેમાંશુ હિરપરાની વાડીએ જેટકો કંપનીનો બાંધકામનો સામાન ભાડે રાખેલ હોય જે ખુલી વાડીમાં કોઇ અજાણ્યા ઇસમોએ પ્રવેશ કરી એલ્યુમીનીયમના સ્પેશર હાર્ડવેર મુશકન્ડકટર નંગ ૪૯ જેની કિંમત રૂ.૩.૯૬ લાખનો માલ-સામાન ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાઇ હતી. આ ચોરાઉ માલ ૩ શખ્સો મહેન્દ્રા પીકઅપ ગાડીમાં વહેંચવા નિકળ્યા હોવાની હકિકત પોલીસને મળતા પોલીસે હાઇવે પરથી અમરખા દિલાવરખા ભોજવાણી (રહે. બાબરા જીવનપરા) તથા મોહસીનખાન અરબખાન ભોજવાણી અને મેહુલ બાબુ ભવાણીયા નામના ત્રણ શખ્સો મહેન્દ્રા પીકઅપ ગાડી નં.જીજે૬એજે૪૨૫૩માં શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે ગાડીને અટકાવી માલ અંગે પુછપરછ કરતા કોઇ સંતોષ કારક જવાબ નહીં મળતા પોલીસે ચોરાઉ માલ સાથે ત્રણેય શખ્સોની ધરપકડ કરી હતી. આ ચોરીમાં વધુ એક બાબરાના ટાયવદર ગામના સાહિલ વજીર ભોજવાણીની સંડોવણી ખુલતા પોલીસે આ શખ્સની શોધખોળ શરૂ કરી છે.

જયારે અન્ય એક દરોડામાં જેતપુર તાલુકા પોલીસના પીઆઇ એ.એમ.હેરમાની સુચનાથી એએસઆઇ ભુરાભાઇ માલીવાડ, લાલજીભાઇ જાંબુકીયા, વિપુલભાઇ મારૂ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ખીરસરા ગામે જાહેરમાં જુગાર રમતો પ્રકાશ પોપટ સોલંકી, મીતુલ કેશુ રાઠોડ, અનીલ જીવા સોલંકી, રાજુ જીવા રાઠોડ, હરેશ ઉર્ફે આઝાદ કાનજી મકવાણા, મહેશ રવજી ગોધાસરા, કુરજી અરજણ રાઠોડ સહિત સાત પત્તાપ્રેમીઓની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૨૧૨૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# શહેરમાં ચોરાઉ રીક્ષા સાથે સોરઠીયા પ્લોટ અને ધાંચીવાડના બે શખ્સ ઝડપાયા

## માલવાહક રીક્ષાની ચોરી કરનાર તસ્કર અને મારામારીના ગુન્હામાં નામચીન શખ્સ સહિત બે પાસામાં ધકેલાયા







**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મીલ્કત સંબંધી ગુન્હાઓ અને વાહન ચોરીના ગુન્હા અટકાવવા તથા ચોરીના ગુન્હામાં નાસતા ફરતા શખ્સોની શોધખોળ ક્રાઇમ બ્રાન્ચની ટીમ કરી રહી હોય તે દરમ્યાન ચોરાઉ રીક્ષા સાથે સોરઠીયા પ્લોટ અને ધાંચીવાડના બે શખ્સોને દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ વી.ડી.ડોડીયાની સુચનાથી હેડ કોન્સ. જયરાજભાઇ, દિલીપભાઇ, વિશાલભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે રેસકોર્ષ ગ્રાઉન્ડમાં બે શખ્સો ચોરાઉ રીક્ષા સાથે હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દોડીજઇ ઓટો રીક્ષા નંબર જીજે૩બીયુ૬૨૬ સાથે જીલ્લા ગાર્ડન પાસે આવેલ સોરઠીયા પ્લોટ શેરી નં.૭માં રહેતો મીલીંદ પરષોતમ રત્નોતર અને ધાંચીવાડ શેરી નં.૭માં રહેતો મુસ્તાક ઇકબાલ મોદી નામના બે શખ્સોને દબોચી લઇ રૂ.૫૦૦૦૦ની કિંમતની રીક્ષા કબ્જે કરી એ-ડિવિઝનમાં નોંધાયેલ વાહનચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં ગ્રીનલેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટી મફતીયાપરામાં રહેતો અને અગાઉ રાજકોટ સહિત અનેક સ્થળોએ માલવાહક રીક્ષાઓ ચોરી કરવાના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા જગમાલ કમા પરમાર નામના શખ્સને ક્રાઇમ બ્રાન્ચની ટીમે અટકાયતમાં લઇ તેનું પાસાનું વોરંટ બજવણી કરી વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

જયારે શહેરના ભકિતનગર પોલીસ સ્ટેશન સામે પાનની દુકાને ટોડફોડ કરવાના ગુન્હામાં અને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલ પંપ પર ફીલરને ધમકી આપવા સહિતના મારામા-રીના અનેક ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો નવીધાંચીવાડ શેરી નં.૭, શાળા નંબર ૪૮ની સામે રહેતો નામચીન અકરમ રફિક દાઉદાણીની ગાંધીગ્રામ યુનિ. પોલીસે અટકાયત કરી તેની પાસાની દરખાસ્ત તૈયાર કરી વડી કચેરીએ મોકલાવતા અને તેના પર શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ મોહર લગાવી દેતા આ નામચીન શખ્સ અકરમ દાઉદાણીને પાસામાં વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# જંગલેશ્વરના ફાયરીંગના કાવતરામાં સામેલ વધુ એક શખ્સની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાતમ-આઠમના તહેવારો દરમ્યાન જંગલેશ્વરમાં આવેલ ખ્વાઝા એપાર્ટમેન્ટની નીચે બેઠેલા ત્રણ યુવાનો પર જુની અદાવતમાં ફાયરીંગ કરવાના પ્રકરણમાં કાવતરામાં સામેલ વધુ એક શખ્સની ભકિતનગર પોલીસે ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જંગલેશ્વરમાં ગઇ તા.૧૫-૮ના રાત્રીના ૧૧ વાગ્યે જંગલેશ્વરમાં રહેતો શાહનવાઝ મુસ્કાત વેતરણને તેના મીત્ર સમીર ઉર્ફે મરઘા સાથે મળીને સાતેક મહિના પહેલા પુનીતનગરના પાણીના ટાંકા પાસે આ ફાયરીંગ પ્રકરણના આરોપી પરીસીત ઉર્ફે પરીયો ઉપર ફાયરીંગ કર્યુ હોય જે જુની અદાવતનો ખાર રાખી ગઇ તા.૮ના જંગલેશ્વર જવાના રસ્તે ખ્વાઝા એપાર્ટમેન્ટ નીચે રાત્રીના બેઠા હતા ત્યારે બાઇક પર આવી તને પતાવી દેવો છે તેવું કહી પરીસીત ઉર્ફે પરીયાએ પીસ્ત-લથી ફાયરીંગ કરી યુવાનને છાતીના ભાગે બે જગ્યાએ ગંભીર ઇજા કરી હત્યા કરવાની કોશીશ કરી નાસી ગયા હોવાની ઘટના બન્યા બાદ ભકિતનગર પોલીસ મથકના પીઆઇ એમ.એમ.સરવૈયાની સુચનાથી એએસઆઇ નીલેશભાઇ, પ્રકાશભાઇ સહિતના સ્ટાફે અગાઉ આ ફાયરીંગ પ્રકરણમાં બે શખ્સોની ધરપકડ કરી હોય જેમાં કાવતરામાં સામેલ ફાયરીંગ કરનાર બન્ને આરોપીઓ જંગલેશ્વર મેઇન રોડ પર આવેલ બુધનગરમાં રહેતો ફિરોઝ સીકંદર બેલીમ તથા સોહિલ હુસેન સુણા નામના બન્ને શખ્સોના સતત સંપર્કમાં રહી ઇજા પામનાર શાહનવાઝ ખ્વાઝા એપાર્ટમેન્ટ નીચે બેસેલ છે. તેની બાતમી આપી કાવતરામાં સામેલ હોવાથી પોલીસે ફિરોઝ બેલીમની ધરપકડ કરી છે. આ શખ્સ અગાઉ થોરાળાના હત્યાના બનાવમાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે.

# ડાંગર કોલેજના મેડિકલ સ્ટુડન્ટનો ઇન્જેકશન લગાવી આપઘાત

## પાસ કરવાના બાકી ૩ હજાર ન આપતા દીકરાને પરીક્ષામાંથી કોલેજ સંચાલકોએ કાઢી મુકયાનો મૃતક યુવકના પરિવારનો આક્ષેપઃ સંચાલકોએ આક્ષેપ પાયાવિહોણા ગણાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ડાંગર કોલેજના સંચાલકોના ત્રાસથી હોમિયોપેથીના વિદ્યાર્થી ધર્મેશ કળસરિયાએ આપઘાત કર્યો હોવાનો પરિવારજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીને પાસ કરવા કોલેજ સંચાલકો દ્વારા પૈસાની માગણી કરવામાં આવી હતી અને પૂરા પૈસા આપવામાં ન આવતા વિદ્યાર્થીને પરીક્ષામાંથી અધવચ્ચેથી કાઢી મુકવામાં આવ્યો હતો. તેથી ડિપ્રેશનમાં આવી હોમિયોપેથીના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ઝેરી દવા સાથેનું ઇન્જેક્શન લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી વિગત મુજબ અમરેલીના રાજુલામાં જૂની બારકોટડી ગામનો રહેવાસી ધર્મેશ કળસરિયા રાજકોટની ઇએ ડાંગર હોમિયોપેથી કોલેજમાં અભ્યાસ કરી રહ્યો હતો. હોમિયોપેથીના બીજા વર્ષમાં અભ્યાસ કરતો ધર્મેશ પરીક્ષ-ામાં નાપાસ થયો હતો અને તેને કારણે સપ્લીમેન્ટરીની પરીક્ષા આપવા પહોંચ્યો હતો. જોકે, આ દરમિયાન પરીક્ષાનો ૪૫ મિનિટનો સમય હતો ત્યારે વિદ્યાર્થીન પરીક્ષા કેન્દ્રમાંથી બહાર કાઢી મુકવામાં આવ્યો અને તેને લાગી આવતા વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. વિદ્યાર્થીના પિતા ધીરુભાઈ કળસરિયાએ જણાવ્યું હતું કે, મારો પુત્ર રાજકોટની ડાંગર કોલેજમાં અભ્યાસ કરી રહ્યો હતો. તેને અભ્યાસ દરમિયાન વારંવાર એટકિટી આવતી હતી અને પૈસા માગવામાં આવ્યા હતા. જે પૈસા આપવામાં ન આવતા મારા દીકરાને નાપાસ કરવામાં આવતો હતો. ડાંગર કોલેજના ટ્રસ્ટ દ્વારા રૂ.૧૦,૦૦૦ની માગ કરવામાં આવી હતી. જોકે, બાદમાં મારા પુત્રએ રૂ.૭,૦૦૦ આપ્યા હતા અને રૂ. ૩,૦૦૦ આપ્યા ન હતા. તેને કારણે તેણે ઇન્જેક્શન લઈને આપઘાત કરી લીધો હતો. હવે અમારી માગણી એક જ છે કે, ડાંગર કોલેજના ટ્રસ્ટી સહિતના સામે પોલીસ દ્વારા કડક સજા કરવામાં આવે તો જ અમને ન્યાય મળશે.

આ મામલે ડાંગર કોલેજના સંચાલક જનક મેતાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થી ધર્મેશ કળસરિયા દ્વારા વર્ષે ૨૦૧૯માં એડમિશન લેવામાં આવ્યું હતું. જોકે, બાદમાં પ્રથમ વર્ષમાં તે ચારથી વધુ વખત નાપાસ થયો હતો અને પછી બીજા વર્ષમાં પણ એક વખત નાપાસ થયો હતો. જેથી ગત ૧૯ ઓગસ્ટથી શરૂ થયેલી સપ્લીમેન્ટરી પરીક્ષા તે આપી રહ્યો હતો. જેમાં ૨૩ ઓગસ્ટના પેપરમાં તે પરીક્ષા દરમિયાન ચોરી કરતા પકડાઈ ગયો હતો. જોકે, સુપરવાઈઝરે તેને થોડો સમય બેસવાનું કહ્યું હતું અને ત્યાર બાદ પેપર લખવાની છૂટ આપી હતી. જોકે, ૨૪ ઓગસ્ટ પછીના પેપરો તેણે આપ્યા નથી. જ્યારે કોલેજ દ્વારા પૈસા લઈને પાસ કરવામાં આવતા હોવાના આક્ષેપ તદ્દન ખોટા છે. વિદ્યાર્થીના આપઘાતને લઈ વિદ્યાર્થી આગેવાન અંકિત સોંદરવા પણ ત્યાં પહોંચી ગયા હતા અને જણાવ્યું હતું કે, તબીબ બનવાનું સ્વપન લઈને આવેલા યુવાનને આપઘાત કરવો પડયો તે ખૂબ જ દુઃખદ ઘટના છે.

કોલેજના ટ્રસ્ટીના દીકરીઓ દ્વારા એવું પ્રેશન કરવામાં આવતું હતું કે, રૂપિયા ૧૦,૦૦૦ આપો તો જ પાસ થઈ શકશો. જોકે, આ વિદ્યાર્થી પુરા પૈસા આપી ન શક્યો અને ત્યાર બાદ આ પરીક્ષામાં તે નાપાસ થઈ જશે તેવા ડરથી ડિપ્રેશનમાં આવી ગયો હતો. અંતે પોતે ઈન્જેક્શન લઈ આપઘાત કરી લીધો. આ ઘટનામાં જવાબદાર ડાંગર કોલેજના જે કોઈપણ વ્યક્તિઓ હોય તેની ૨૪ કલાકમાં ધરપકડ કરવામાં આવે અને આ કોલેજ બંધ કરવામાં આવે અન્યથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને આ કોલેજનો ઘેરાવ કરી ઉગ્ર વિરોધ નોંધાવીશું તેવી ચીમકી ઉચારી હતી.

# અમદાવાદની મોડલે પ્રતિબંધ છતાં જમજીર ધોધ પર રીલ બનાવી

## પોલીસે ગુન્હો દાખલ કર્યો, તહેવાર સમયે સેંકડો પ્રવાસીએ આ ધોધ નિહાળ્યો પણ તંત્રને દેખાયું નહીં?



**મુખ્ય સમાચાર, ઊના**

જામવાળા ગામ નજીક આવેલા જમજીર ધોધ પર રીલ બનાવવા કે સેલ્ફી લેવા પર જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડીને પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં પણ અમદાવાદ ની ત્રણ મોડેલ એ રીલ બનાવતા રીલ ના ચક્કરમાં મોડલ મુશ્કેલીમાં મુકાઈ છે

સોશિયલ મીડિયામાં ફેમસ થવા અને વ્યૂઝ માટે ઘણીવાર લોકો નિયમ ભંગ કરીને પોતાનો જીવ જોખમ માં મૂકી દેતા હોય છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લાના જામવાળા નજીક ના જમજીર ધોધ પર કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરીને રીલ બનાવવી અમદાવાદની મોડલને ભારે પડયું છે. મોડલે વાઈરલ કરેલી રીલ બાદ હવે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરતા પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

જમજીર ધોધ પર રીલ બનાવી સેલ્ફી લેનાર ગુજરાતી મોડલ અને અભિનેત્રી પુજા પ્રજાપતિએ જામવાળા ગીરમાં આવેલા જમજીર ધોધ પર રીલ બનાવી ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કરેલી હતી.અમદાવાદની મોડલે પ્રતિબંધ છતાં જમજીર ધોધ પર રીલ બનાવી, પોલીસ કાર્યવાહી કરી છે આ જમજીર ધોધ નજીક જવા કે ત્યાં કોઈ સેલ્ફી-રીલ બનાવવા ઉપર પ્રતિબંધ છે, જેના જાહેર ચેતવણી બોર્ડ અને સુચનાઓ લખી હોવા છતાં પ્રતિબંધિત વિસ્તારમાં ગુજરાતી મોડલ અને અભિનેત્રી પુજાપ્રજાપતિ અને તેની બહેનપણી ઓએ મળી રીલ બનાવી વિડિઓ વાયરલ કર્યો હતો ગુજરાતી મોડેલ અને અભિનેત્રી પુજા પ્રજાપતિ સહિત ત્રણ જેટલી યુવતી ઓએ વીડિયો રીલ બનાવી હોવાથી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવા અધિક કલેકટર એ DYSP ઉનાને જાણ કરવામાં આવેલ હતી

# તિરૂપતિ સોસાયટીમાં જમાઈ અને સાસરીયા વચ્ચે મારામારીઃ પાંચ લોકોને ઈજા

## જમાઈ દારૂ પી પુત્રીને માર મારતો હોવાથી માવતરે તેડી આવતા ધોકા-પાઈપ ઉડયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા તિરૂપતિ સોસાયટીમાં જમાઈ અને સાસરીયા વચ્ચે બઘડાટી બોલતા ધોકા-પાઈપ ઉડયા હતા. જમાઈ દારૂ પી પુત્રીને મારકૂટ કરતો હોવાથી માવતર પુત્રીને તેડી જતા ડખ્ખો થયો હતો. આ મારામારીમાં જમાઇ સહિત પાંચ લોકોને ઇજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા રોડ પર આવેલી તિરૂપતિ સોસાયટી શેરી નં.૭માં રહેતા અરજણભાઈ કાનાભાઈ જળુ (ઉ.વ.૫૫), તેમના પત્ની મુક્તાબેન (ઉ.વ.૫૨), પુત્રી રૂપલ (ઉ.વ.૨૫) અને પુત્ર પાર્થ (ઉ.વ.૨૧) આજે સવારે ૧૦૦૦ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે પોતાના જમાઈ રવિરાજસિંહ રઘુવીરસિંહ અને તેની સાથેના સુખાભાઈએ આવી ઝઘો કરી ધોકા વડે મારમારતા ચારેયને સારવ-ાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં અરજણભાઈની પુત્રી કિંજલને જમાઈ રવિરાજસિંહ દારૂ પી મારકૂટ કરતો હોય જેથી અરજણભાઈએ પોલીસમાં અરજી કરી પુત્રીને માવતરે તેડી આવ્યા હતા. જેથી જમાઈએ આવી તમે શુ કામ તેડી ગયા ? તેમ કહી ઝઘડો કરી મારમાર્યો હોવાનું જણાવ્યું હતું. જયારે સામાપક્ષે હુડકો ચોકડી પાસે આશાપુરા સોસાયટી શેરી નં.૩૬માં રહેતા રવિરાજસિંહ રઘુવિરસિંહ વાળા (ઉ.વ.૩૬) સવારે તેના સસરાના ઘરે ગયા હતા ત્યારે સસરા અરજણભાઈ, સાળી રૂપલ અને સાળા પાર્થ લોખંડના પાઈપ વડે હુમલો કરી મારમાર્યો હતો. તેના જણાવ્યા મુજબ તેણે અરજણભાઇની પુત્રી કિંજલ સાથે ચાર વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા છે. અને સંતાનમાં એક પુત્ર છે. પત્ની માવતરે હોવાથી તે આજે પુત્રને તેડવા માટે સાસરીયે ગયો હતો. ત્યારે સાસરીયાઓએ ઝઘડો કરી મારમાર્યો હોવાનુ જણાવ્યુ હતુ.

# ગુરૂજીનગર આવાસ કવાર્ટરમાં વગર લગ્ને સાથે રહેતા યુગલનો આપઘાતનો પ્રયાસ

## ઉછીના બે લાખ આપનાર મિત્ર સાથે પિતાએ સગાઈ કરવાનું કહેતા ફિનાઈલ પી લીધાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાધુવાસવાણી રોડ પર આવેલ ગુરૂજીનગર આવાસ કવાર્ટરમાં વગર લગ્ન સાથે રહેતાં યુગલે સજોડે ફિનાઈલ પી લીધું હતું. સગીરા અને યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. સગીરાના પિતાએ બે લાખ ઉછીના આપનાર મિત્ર સાથે સગપણ કરવાનું કહેતાં યુગલે સજોડે ફિનાઈલ પીધું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, સાધુવાસવાણી રોડ પર આવેલ ગુરૂજીનગર આવાસ કવાર્ટરમાં વગર લગ્ન સાથે રહેતાં ૧૮ વર્ષના યુવક અને ૧૭વર્ષની સગીરાએ બપોરના ચારેક વાગ્યાના અરસામાં હનુમાન મઢી પાસે આવેલા શિવપરા વિસ્તારમાં હતા ત્યારે સજોડે ફિનાઈલ પી લીધું હતું. યુગલને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ અંગે જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં સજોડે ફિનાઈલ પી લેનાર યુવક અને સગીરા સગપણ બાદ સાથે રહેતાં હતાં. પરંતુ અવારનવાર સગીરાના પિતા તેણીને તેડી જતાં હતાં. સગીરાના પિતા સહિતના મિત્રો ઘરે દારૂની મહેફીલ માણતાં હતાં અને પિતાએ મિત્ર પાસેથી બે લાખ ઉછીના લીધા છે તેથી તું તે મિત્ર સાથે સગાઈ કરી લે. તેવું કહેતા સગીરા અને તેના મંગેતરે સજોડે ફિનાઈલ પીધું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસમાં કરેલી અરજીનો ખાર રાખી પ્રેમીકા ઉપર પ્રેમીનો હુમલો

## મૈત્રીકરારથી સાથે રહેતી મહીલાને તું ગમે તેટલી ફરીયાદ કરીશ પણ હું તને છોડીશ નહીં તેવી ધમકી આપ્યાની રાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરામાં રહેતા આઇશાબેન મહેબુબભાઈ બુખારી (ઉ.વ.૪૦) નામના મહિલાને તેમની સાથે મૈત્રી કરાર કરી રહેતા જીશભાઈ ઉર્ફે જીગો જીલુભાઇ ગોગરા રહે. મોરબી વાળાએ પોલીસમાં કરેલી અરજીનો ખાર રાખી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આઇશાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા લગ્ન આજથી આશરે બાવીસેક વર્ષ પહેલા સંજયભાઈ આપાભાઈ ગળચર રહે.લીલાપર રોડ મોરબી ખાતે થયેલ. બાદ સાતેક વર્ષ બાદ મારે છુટા-છેડા થયેલ હોય. પહેલા લગ્ન થકી મારે એક દિકરી જે હાલ મારી સાથે રહે છે.બાદ મારા બીજા લગ્ન મહેબુબભાઈ અબ્દુલભાઇ બુખારી રહે.ભગવતીપરા ખાતે થયેલ હોય. બાદ મારા પતિ મહેબુબભાઈનુ અવસાન થઇ ગયેલ હોય જેના થકી મારે એક દિકરો છે જે હાલ મારી સાથે રહે છે. એમ મળી અમે પરિવ-ારમાં કુલ ત્રણ વ્યક્તિ રહીએ છીએ. મારે જિજ્ઞેશભાઈ ઉર્ફે જીગો જીલુભાઈ ગોગરા સાથે મૈત્રી સંબંધ હોય અને તે આજથી આશરે દશેક મહિનાથી મારી સાથે રહેતો હતો.

રાતના હુ તથા મારો દિકરો જીશાન અને દિકરી હીના ત્રણેય સાથે જ હોય અને મારા મકાનનો સામાન ફેરવતા હોય અને ભારત પાન દુકાનની બાજુમાં ભગવતીપરા મેઇન રોડ ખાતે પહોચતા તે દરમ્યાન આ જિજ્ઞેશ ભાઈ ઉર્ફે જીગો જીલુભાઈ ગોગરા ત્યા આવીને મારી સાથે ઝઘડો અને જેમફાવે તેમ ભુંડા બોલી ગાળો આપવા લાગેલ હોય અને મારી સાથે જપાજપી કરી મને શરીરના વાહાના ભાગે તથા ગરદનના ભાગે મુંઢ માર મારેલ હોય.આ બનાવનું કારણ એ હતુ કે બે દિવસ પહેલા આ જિગ્નેશ ઉ ર્ફે જીગો સામે તેની વિરુધ્ધ બોલાચાલી અને ઝઘડા બાબતની અરજી કરેલ હોય આથી તેનો ખાર રાખી ને આ જીજ્ઞેશ ઉર્ફે જીગો એ આજે મારી સાથે ફરિવાર ઝઘડો કરેલ હોય. અને મને જાનથી મારી નાખવાની ધમકી આપેલ કે તુ ગમે એટલી ફરિયાદ કરીશ પણ હુ તને છોડીશ નહીં.આવુ કહી મને ડરાવેલ અને ધમકાવેલ બાદ આ જિગ્નેશ ઉર્ફે જીગો ત્યાથી નાશી ગયેલ હોય જેથી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.